# [1] સમાસ

## અર્થ-કાર્ય

- જુદા-જુદા અર્થવાળા બે કે તેથી વધુ શબ્દો જોડાઈને નવા અર્થવાળો એક શબ્દ બને છે તેને સમાસ કહે છે.
- નવા રચાયેલા પદને સમસ્ત પદ કે સામાસિક પદ કહેવામાં આવે છે.
- શબ્દોની કરકસર કરવી અને કહેવાની વાતને સંક્ષેપમાં કહેવી એ સમાસનું કાર્ય છે.
- સમાસ્ = સમ્ + આસ. જેમાં 'સમ્' એટલે સરખું અને 'આસ' એટલે ગોઠવણી. પદોની યોગ્ય ગોઠવણીની વ્યવસ્થા એટલે સમાસ.

## સમાસ - વિગ્રહ

- સામાસિક પદ બે પદોનું બનેલું હોય, ત્યારે પહેલા પદને પૂર્વપદ અને બીજા પદને ઉત્તરપદ કહે છે. જે સામાસિક પદમાં બેથી વધુ પદો હોય તેમાં પહેલા પદ (પૂર્વપદ) અને છેલ્લા પદ (ઉત્તરપદ) ની વચ્ચેનાં પદ મધ્યમપદ કહેવાય.
- સમાસનાં બન્ને કે (બે થી વધુ હોય ત્યારે) બધાંય પદોને એમની વચ્ચેનો અને એમનો વાક્ય સાથેનો સંબંધ વ્યક્ત થાય એ રીતે છૂટાં પાડવાની ક્રિયાને વિગ્રહ કહે છે.
- સમાસનો વિગ્રહ કરતી વખતે તેનાં પદો વચ્ચે સંબંધ દર્શાવનાર વિભક્તિના અનુગ (પ્રત્યય) મૂકવામાં આવે છે અથવા સંબંધવાચક પદો મૂકીને એ સમાસનો પ્રકાર દર્શાવવામાં આવે છે.

• દા.ત. :

| સામાસિક પદ | વિગ્રહ |
|---|---|
| લેણદેણ | લેણ અને દેણ |
| વધઘટે | વધે કે ઘટે |

## સમાસના પ્રકાર

| | |
|---|---|
| (1) દ્વન્દ્વ સમાસ | (2) તત્પુરુષ સમાસ |
| (3) મધ્યમપદલોપી સમાસ | (4) ઉપપદ સમાસ |
| (5) કર્મધારય સમાસ | (6) બહુવ્રીહિ સમાસ |
| (7) અવ્યયીભાવ સમાસ | |

### સમાસના પ્રકારોની વિસ્તૃત સમજ

## 1. દ્વન્દ્વ સમાસ

★ જે સમાસમાં

(1) જુદા-જુદા અર્થવાળા શબ્દો સમાન કક્ષામાં એટલે કે સરખું મહત્ત્વ ધરાવતા હોય અને

(2) તેમની વચ્ચે સમુચ્ચય કે વિકલ્પનો એટલે કે 'અને' અથવા 'કે' નો સંબંધ હોય તેને દ્વંદ્વ સમાસ કહે છે.

• દા.ત. : ભાઈબહેન = ભાઈ (પૂર્વપદ) અને (સંબંધવાચક પદ) બહેન (ઉત્તર પદ)

• અન્ય ઉદાહરણ :

ત્રણચાર = ત્રણ કે ચાર

માતાપિતા = માતા અને પિતા

આબોહવા = આભ અને હવા

વેરઝેર = વેર અને ઝેર

## 2. તત્પુરુષ સમાસ

★ જે સમાસમાં પ્રથમ શબ્દ (પૂર્વપદ) પછીના શબ્દ (ઉત્તરપદ) સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલ હોય તેને તત્પુરુષ સમાસ કહે છે.

★ સામાન્ય રીતે આવા પ્રકારના સમાસમાં ઉત્તરપદ પ્રધાન અને પૂર્વપદ ગૌણ હોય છે એટલે કે પૂર્વપદ કરતાં ઉત્તરપદ વધારે મહત્ત્વનું હોય છે.

| વિભક્તિઓ | કારક | પ્રત્યય | ઉદાહરણ (વિગ્રહ સાથે) |
|---|---|---|---|
| 1. પ્રથમા | કર્તા | ૦, એ | — |
| 2. દ્વિતીયા | કર્મ | ૦, ને | પ્રેમવશ - પ્રેમને વશ |
| 3. તૃતીયા | કરણ | થી, થકી, વડે | યોગયુક્ત - યોગથી યુક્ત |
| 4. ચતુર્થી | સંપ્રદાન | માટે, વાસ્તે, કાજે, સારું | દેશદાઝ - દેશ માટે દાઝ |
| 5. પંચમી | અપાદાન | માંથી, અંદરથી, ઉપરથી | ચિંતામુક્ત-ચિંતામાંથી મુક્ત |
| 6. ષષ્ઠી | સંબંધ | નો,ની, નું, ના | બાહુબળ - બાહુનું બળ |
| 7. સપ્તમી | અધિકરણ | માં, અંદર, ઉપર | વનવાસ - વનમાં વાસ |
| 8. અષ્ટમી | સંબોધન | હે, અરે | — |

## 3. મધ્યમપદલોપી સમાસ

★ તત્પુરુષ સમાસમાં વિભક્તિનો પ્રત્યય લોપ પામ્યો હોય છે, જ્યારે આ પ્રકારના સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે રહેલું 'મધ્યમ પદ' લોપ પામેલું હોય છે. વિગ્રહ કરતી વખતે મધ્યમપદ ઉમેરીએ તો જ તેનો અર્થ બરાબર સમજાય છે.

• દા.ત. :

આગગાડી = આગ વડે ચાલતી ગાડી

ઘોડાગાડી = ઘોડા વડે ચાલતી ગાડી

દીવાદાંડી = દીવો બતાવતી દાંડી

આરામખુરશી = આરામ કરવા માટેની ખુરશી

દવાખાનું = દવા માટેનું ખાનું

દીવાસળી = દીવો પેટાવનારી સળી

## 4. ઉપપદ સમાસ

★ પૂર્વપદ અને ઉત્તરપદ સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલું હોય છે, પણ ઉત્તરપદ ક્રિયાપદ પરથી બનેલો શબ્દ હોય છે, ક્રિયાધાતુ હોય છે.

• દા.ત. :

નીરજ = નીરમાં જન્મનાર

પાપડતોડ = પાપડને તોડનાર

પગરખું = પગનું રક્ષણ કરનાર

ગ્રંથકાર = ગ્રંથનો કરનાર

ગૃહસ્થ = ગૃહમાં રહેનાર

આનંદજનક = આનંદને જન્માવનાર

## 5. કર્મધારય સમાસ

★ તત્પુરુષ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે બીજીથી સપ્તમી વિભક્તિ સુધીના સંબંધ હોય છે. જ્યારે કર્મધારય સમાસમાં બંને પદો પહેલી વિભક્તિના સંબંધથી જોડાયેલાં હોય છે. તેમાં એક પદ વિશેષણ અને બીજું પદ વિશેષ્ય હોય છે. અથવા બંને પદ વિશેષણ હોય છે.

● દા.ત. : મહાદેવ = મહાન એવા દેવ
મહોત્સવ = મહાન ઉત્સવ
કાજળકાળી = કાજળ જેવી કાળી
નરસિંહ = સિંહ જેવો નર
દેહલતા = દેહ રૂપી લતા
જ્ઞાનસાગર = જ્ઞાનરૂપી સાગર
પરદેશ = પર (બીજો) દેશ

## 6. બહુવ્રીહિ સમાસ

★ કર્મધારય સમાસની જેમ બહુવ્રીહિ સમાસમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ વિશેષ્ય હોય છે. છતાં આ બંને પ્રકારના સમાસ વચ્ચે એક તફાવત છે. કર્મધારય સમાસમાં બંને પદો વચ્ચે પહેલી વિભક્તિનો સંબંધ હોય છે જ્યારે બહુવ્રીહિ સમાસમાં બંને પદો વચ્ચે પહેલી સિવાયની વિભક્તિનો સંબંધ હોય છે.

★ બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરતી વખતે જેને, જેમને, જેનાં, જેમનાં, જેમાં, જેમનામાં વગેરે 'જે' સર્વનામના રૂપો વપરાય છે.

★ બહુવ્રીહિ સમાસના બંને પદો વચ્ચે વિશેષણ - વિશેષ્યનો સંબંધ, ઉપમાન - ઉપમેયનો સંબંધ હોય છે.

● દા.ત. : ગજાનન = ગજના જેવું આનન (મુખ) જેનું છે તે
ધર્મનિષ્ઠ = ધર્મમાં જેમની નિષ્ઠા છે એવો
હતાશ = જેની આશા હત (ખતમ) થઈ છે તેવો
એકચિત્ત = એક છે ચિત્ત જેમનું તે
નકામું = નથી કામ જેનું તે
ચોપગું = ચાર છે પગ જેના તે
મુશળધાર = મુશળ જેવી છે ધાર જેની તે

## 7. અવ્યયીભાવ સમાસ

★ જે સમાસ અવ્યય અથવા ક્રિયાવિશેષણ તરીકે વપરાયો હોય તેને અવ્યયીભાવ સમાસ કહે છે. પૂર્વપદ અવ્યય પર યથા, પ્રતિ વગેરે હોય અથવા તો આખો સમાસ અવ્યય તરીકે વપરાતો હોય તેવા સમાસને અવ્યયીભાવ કહે છે.

● દા.ત. : યથાશક્તિ = યથાશક્તિ પ્રમાણે
ચોતરફ = ચારે તરફ
આબાલવૃદ્ધ = બાળકથી માંડી વૃદ્ધ સુધી
યથાબુદ્ધિ = બુદ્ધિ પ્રમાણે
પ્રતિદિન = પ્રત્યેક દિને
યથાર્થ = યોગ્ય રીતે
રાતોરાત = રાતે ને રાતે

## પાઠ્યપુસ્તક પર આધારિત સમાસનાં ઉદાહરણો

**(1) દ્વન્દ્વ સમાસ :**

માતાપિતા - માતા અને પિતા
લાલપીળું - લાલ અને પીળું
અન્નપાણી - અન્ન અને પાણી
બેચાર - બે કે ચાર
શાકભાજી - શાક કે ભાજી
તડકાછાયડા - તડકા અને છાયડા
અંદર-બહાર - અંદર કે બહાર
જનમોજનમ - જનમ અને જનમ
લોચનમન - લોચન અને મન
નિગમઅગમ - નિગમ અને અગમ
રાતદિવસ - રાત અને દિવસ
સંકલપવિકલપ - સંકલપ અને વિકલપ
મુખોમુખ - મુખ અને મુખ
રામલખમણ - રામ અને લખમણ
દંપતી - પતિ અને પત્ની
સૂરણબટાટા - સૂરણ અને બટાટા
સ્ત્રીપુરુષ - સ્ત્રી અને પુરુષ
નાટકસિનેમા - નાટક અને સિનેમા
દાળચોખા - દાળ અને ચોખા
એકબે - એક કે બે
દાળભાત - દાળ અને ભાત
બાલબચ્ચાં - બાલ કે બચ્ચાં
પૂજા-પ્રાર્થના - પૂજા કે પ્રાર્થના
સવારસાંજ - સવાર અને સાંજ

ખાધુંપીધું - ખાધું અને પીધું
સાઠસિત્તેર - સાઠ કે સિત્તેર
વાડીખેતર - વાડી અને ખેતર
કાનનાક - કાન અને નાક
પાંચપંદર - પાંચ કે પંદર
વહેલીમોડી - વહેલી કે મોડી
રાતદિ' - રાત અને દિવસ
ઊંચાનીચા - ઊંચા કે નીચા
હાથપગ - હાથ અને પગ
આજકાલ - આજ અને કાલ
ઉઠકબેઠક - ઉઠક કે બેઠક
મનોમન - મનમાં અને મનમાં
માબાપ - મા અને બાપ
સુખદુઃખ - સુખ અને દુઃખ
લખવાવાંચવા - લખવા કે વાંચવા
સિંહવાઘ - સિંહ અને વાઘ
છસાત- છ કે સાત
દાગીનાઘરેણાં - દાગીના કે ઘરેણાં
ફૂલફળ - ફૂલ અને ફળ
કાળાભૂરાં - કાળા કે ભૂરાં
મરુણકથ્થાઈ - મરુણ અને કથ્થાઈ
ઉદ્વેગો-ઉત્તાપો - ઉદ્વેગો કે ઉત્તાપો
મોજમજા - મોજ કે મજા
શુભ-અશુભ - શુભ અને અશુભ
દૂરસુદૂર - દૂર કે સુદૂર

નળદમયંતી - નળ અને દમયંતી
નરનારી - નર અને નારી
છાનુંછૂપું - છાનું કે છૂપું
કવિકલાકાર - કવિ અને કલાકાર
સાધુસંન્યાસી - સાધુ કે સંન્યાસી
જાણ્યેઅજાણ્યે - જાણ્યે કે અજાણ્યે
ચડવુંઊતરવું - ચડવું કે ઊતરવું
કચ્છઅંજાર - કચ્છ અને અંજાર
લીલીલીલી - લીલી અને લીલી
સોનારૂપા - સોના કે રૂપાં
પૂર્વપશ્ચિમ - પૂર્વ અને પશ્ચિમ
વેરઝેર - વેર અને ઝેર
સૌમ્યરૌદ્ર - સૌમ્ય અને રૌદ્ર
અસ્તવ્યસ્ત - અસ્ત કે વ્યસ્ત
અંજળ - અન્ન અને જળ
કરાલકોમળ - કરાલ કે કોમળ
કીર્તન-ઓચ્છવ - કીર્તન અને ઓચ્છવ
જીવજંતુ - જીવ અને જંતુ
ગુણજશ - ગુણ અને જશ
હરખશોક - હરખ અને શોક
ખટમીઠાં - ખાટાં અને મીઠાં
હલનચલન - હલન અને ચલન
રુચિ-અરુચિ - રુચિ અને અરુચિ
મનહૃદય - મન અને હૃદય
મોજશોખ - મોજ અને શોખ

# અલંકાર ઓળખાવો

★ **અલંકાર એટલે** ઘરેણાં-આભૂષણ. આભૂષણની સજાવટ શોભા અર્પે છે. ભાષામાં વાણીને સજાવટ કરવાવાળા શોભાવાળા રૂપને 'અલંકાર' કહે છે. ભાષાનું કામ શું ? મનના ભાવ કે વિચારને પ્રગટ કરવાનું કર્મ ભાષાનું છે, પરંતુ ભાવ કે વિચારને અસરકારક અને આકર્ષક રીતે પ્રગટ કરવા ભાષા કે વાણીને સજાવટ કરવામાં તેને શણગારવામાં તેને મનોહર બનાવવામાં જે રૂપ અર્પવામાં આવે તે 'અલંકાર' બને છે. અલંકારનો ઉપયોગ કવિતામાં થાય છે. પરંતુ તેનો ઉપયોગ ગદ્યનિરૂપણમાં પણ થાય છે. રસયુક્ત વાક્યને કાવ્ય કહે છે, પછી તે પદ્યપંક્તિ હોય કે ગદ્યકથન હોય.

★ અલંકાર ભાષાને ચિત્તહર-મનહર, સરસ અને સચોટ બનાવે છે.

★ અલંકારના પ્રકાર : બે પ્રકાર : (1) શબ્દાલંકાર (2) અર્થાલંકાર

**1 શબ્દાલંકાર** : જે અલંકાર દ્વારા કેવળ શબ્દને જ ચમત્કૃતિભર્યા કે આકર્ષક બનાવવામાં આવે તેને શબ્દાલંકાર કહે છે. શબ્દાલંકારમાં શબ્દોની ખૂબીની ચાવી તે તેના શબ્દો છે.

• *દા.ત.* : 'કૂંચી કરાવું કરુણાનંદ કેરી'માં શબ્દોની ખૂબી છે ને બદલે 'ચાવી બનાવું કરુણાનંદ'ની અર્થયુક્ત શબ્દ બદલવાથી શબ્દ ચમત્કૃતિ નાશ પામે છે.

**2 અર્થાલંકાર** : જે અલંકાર દ્વારા અર્થને ચમત્કૃતિભર્યાં કે આકર્ષક બનાવવામાં આવે તેને અર્થાલંકાર કહે છે.

• *દા.ત.* : ચાંદનીના ઢગલા જેવું હરણનું બચ્ચુ રૂપાની સાંકળે બાંધેલું હતું.

★ આ વાક્યમાં કાનને મધુર લાગે તેવો અક્ષર કે શબ્દ નથી. પણ હરણના બચ્ચાને ચાંદનીના ઢગલા સાથે સરખાવવામાં આવ્યું છે. તેથી અર્થ સચોટ અને સુંદર બન્યો છે. હરણના બચ્ચાંની સુંદરતાની સચોટ છાપ આપણા મન પર પડે છે. અર્થને સુંદર સચોટ બનાવનાર અલંકારને અર્થાલંકાર કહે છે.

### ધ્યાનમાં રાખવાની બાબતો :

★ અલંકારનો અભ્યાસ કરતાં પહેલાં નીચેની બાબતોનો અભ્યાસ જરૂરી છે:

(1) **ઉપમેય** : જેને માટે કોઈ સરખામણી કરવામાં આવી હોય તેને <u>ઉપમેય</u> કહે છે.

(2) **ઉપમાન** : વસ્તુને (ઉપમેયને) જેની સાથે સરખાવવામાં આવે તેને <u>ઉપમાન</u> કહે છે.

Downloaded from MARU GUJARAT.in

**A ઉપમાનવાચક કે વાચક :** ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરતી વખતે સમ, સમાન, તુલ્ય, જેવું, શું, સમોવડું જેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. આ સરખામણી સૂચવતા શબ્દોને ઉપમાવાચક કે વાચક પદો કહે છે.

- **દા.ત. :** દમયંતીનું મુખ (ઉપમેય) ચંદ્ર (ઉપમાન) જેવું (વાચક પદ) સુંદર (સાધારણ ધર્મ) છે.

**B સાધારણ ધર્મ :** ઉપમેયને ઉપમાન સાથે કોઈએક સમાન ગુણની બાબતમાં સરખાવવામાં આવે છે કે એ ગુણને 'સાધારણ ધર્મ' કહે છે.

★ શબ્દાલંકારો : (1) અનુપ્રાસ (વર્ણાનુપ્રાસ/વર્ણસગાઈ) (2) યમક (શબ્દાનુપ્રાસ) (3) પ્રાસસાંકળી (આંતરપ્રાસ) (4) અંત્યાનુપ્રાસ.

★ અર્થાલંકારો : (1) ઉપમા (2) રૂપક (3) ઉત્પ્રેક્ષા (4) અનન્વય (5) વ્યતિરેક (6) શ્લેષ (7) વ્યાજસ્તુતિ (8) સજીવારોપણ

## શબ્દાલંકારના પ્રકારોની વિગતવાર સમજ :

### 1. વર્ણાનુપ્રાસ કે વર્ણસગાઈ

★ વ્યાખ્યા : વાક્યમાં એકનો એક વર્ણ (અક્ષર) શબ્દના આરંભે બે કે તેથી વધારે વખત આવે ત્યારે વર્ણસગાઈ કે વર્ણાનુપ્રાસ અલંકાર બને છે.

- **દા.ત. :**

1. નટવર નિરખ્યા નેન ! તેં.....
2. નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.
3. જળનો જવાન જળવતી બને.
4. કાશીમાએ કામ કાઢ્યું.
5. મૂરખ મનમાં મોટા રે, અજાણ્યે ઉતારણ આણે.

### 2. યમક (શબ્દાનુપ્રાસ)

★ વ્યાખ્યા : એકનો એક અક્ષરસમૂહ બીજીવખત આવતો હોય અને બન્ને ઠેકાણે એના જુદા-જુદા અર્થ થતા હોય ત્યારે યમક અલંકાર બને.

- **દા.ત. :**

1. માયાની છાયામાંથી કાયાને મુક્ત કરવા ગોવિંદરાયાની માયા કરો. ('માયા' શબ્દના બે અર્થ)
2. અખાડામાં જવાના મેં ઘણીવાર અખાડા કર્યાં છે.
3. દીવા નથી દરબારમાં, દીવા નથી છે અંધારું ઘોર. ('દીવા નથી', 'દીવા નથી' એ સરખા ઉચ્ચારવાળાં પદો છે તેમનો અર્થ બદલાઈ જાય છે.)
4. જોતાં વાંત જ હઈયું વિષમશર વીંધી લીધ વિષમ શરે. (વિષમશર - કામદેવ / વિષમ શરે - વિષણ બાણોથી.)
5. હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે.

### 3. પ્રાસ-સાંકળી/આંતરપ્રાસ

★ પહેલા ચરણના છેલ્લા શબ્દ અને બીજા ચરણના પહેલા શબ્દ વચ્ચે પ્રાસ રચાય ત્યારે પ્રાસસાંકળી કે આંતરપ્રાસ અલંકાર બને છે. • **દા.ત. :**

1. વિદ્યા ભણિયો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.
2. જાણી લે જગદીશ, શીશ સદ્‌ગુરુને નામી.
3. મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ.
4. ઘેર પધાર્યાં હરિગુણ ગાતા, વાતા તાલને શંખ મૃદંગ.

### 4. અંત્યાનુપ્રાસ

★ કોઈપણ કડીની પહેલી લીટીને છેડે જેવા અક્ષરો આવે તેવા જ અક્ષરો બીજી લીટીને છેડે આવે ત્યારે અંત્યાનુપ્રાસ અલંકાર બને છે. અથવા પંક્તિને અંતે સમાન ઉચ્ચારવાળા શબ્દો આવ્યા હોય.

- **દા.ત. :**

1. જો જો રે મોટાના બોલ
   ઊજડ ખેડે બાજ્યો ઢોલ.
2. જામી ગઈ તરત ઘોર, કરાલ રાત.
   લાગી બધે પ્રસરવા પુર માંહિ વાત.
3. દુર્યોધન પ્રેષિત દૂત એક, દેખાવમાં ઘાતક દુષ્ટ છેક.
4. જેની જશોદા માવલડી. ચરાવે ગોકુળ ગાવલડી.
5. અત્તરિયા ! અત્તરના સોદાન કીજીએ.
   અત્તરિયા ! અત્તરતો એમનેમ દીજીએ.

## અર્થાલંકારના પ્રકારોની વિગતવાર સમજ :

### 1. ઉપમા

★ બે જુદી-જુદી વસ્તુઓ વચ્ચે કોઈ એક ખાસ ગુણ અંગે સરખામણી કરવામાં આવે **અથવા** ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરવામાં આવે, તેને ઉપમા અલંકાર કહે છે.

★ **નોંધ :** જેવું, જેવી, જેવો, સમાન, સરખો, શો, જેમ, સમોવડું, પેઠે, શી, સદૃશ, તુલ્ય, સમું... જેવા ઉપમાસૂચક શબ્દો દ્વારા સરખામણી થાય.

- **દા.ત. :**

1. ડોહો સોટા જેમ હાલવાચાલવા લાગ્યો.
2. શામળ કહે બીજા બાપડા, પ્હાણ સરીખા પારખ્યા.
3. વજ્જર સમાણા કોટના ગઢને તપાસીએ.
4. શરૂઆતમાં એ લોકો પીળચટા વાઘ જેવા લાગતા.
5. ધીમે ધીમે તે ડગ ધરતો - કોઈ મત્ત ગજેન્દ્રની માફક.
6. દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.

### 2. રૂપક

★ ઉપમેય અને ઉપમાનને એકરૂપ બતાવવામાં આવ્યા હોય એટલે કે બન્નેની વચ્ચે સાધારણ ધર્મ જેવું હોતું નથી. ત્યારે રૂપક અલંકાર બને છે.

- **દા.ત. :**

1. બપોર એ મોટું શિકારી કૂતરું છે.
2. દમયંતીનું મુખ તો ચંદ્ર છે.
3. અને આ ચરણ તમારાં પારિજાતનાં ફૂલ ફૂલની પગલી પાડો.
4. એમની આંખોમાં લાગણીની ભીનાશ હતી.
5. આ સંસારસાગર તરવો સહેલો નથી.
6. પંડની પેટીમાં પારસ છે પડ્યો.

### 3. ઉત્પ્રેક્ષા

★ ઉપમેય જાણે ઉપમાન હોય તેવો તર્ક - સંભાવના કરવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.

★ **સંભાવના સૂચક શબ્દો :** જાણે, રખે, શકે, શું વગેરે.

- **દા.ત. :**

1. દમયંતીનું મુખ જાણે પૂનમનો ચંદ્ર !
2. થાય છે મારી નજર જાણે હરણ, ને રહે છે ઠેકતી એ ઘાસમાં.
3. હૈયું જાણે હિમાલય.
4. કાયાના સરોવર જાણે હેલે ચઢ્યા.
5. જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ.

Downloaded from MARUGUJARAT.in

## 4. અનન્વય

★ (અન્ + અન્વય) ઉપમેયની સરખામણી કરવા યોગ્ય ઉપમાન ન મળતાં ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે ત્યારે અનન્વય અલંકાર બને છે.

- દા.ત. :

1. મા તે મા
2. દમયંતીનું મુખ તે દમયંતીનું મુખ
3. ગાંધીજી એટલે ગાંધીજી
4. સાગર સાગર જેવો છે, આકાશ આકાશ જેવું છે.
5. જોગનો ધોધ એટલે જોગનો ધોધ

## 5. વ્યતિરેક

★ ઉપમેયને ઉપમાન કરતાં ચઢિયાતું ગણવામાં આવે છે ત્યારે **વ્યતિરેક અલંકાર** બને છે.

- દા.ત. :

1. સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર.
2. દમયંતીના મુખ પાસે તો ચંદ્ર પણ નિસ્તેજ લાગે છે.
3. હલકા તો પારેવાની પાંખથી, મ્હાદેવથીય મોટાજી.
4. ગંગાના નીર તો વધે ઘટે રે લોલ. સરખો એ પ્રેમનો પ્રવાહ રે.

## 6. શ્લેષ

★ એકજ શબ્દના બે અથવા વધારે અર્થ થાય ત્યારે **શ્લેષ અલંકાર** બને છે.

- દા.ત. :

1. રવિને પોતાનો તડકો ન ગમે તો ક્યાં જાય ? ('રવિ'ના બે અર્થ)
2. તમે પસંદ કરેલું પાત્ર પાણી વિનાનું છે.
(પાત્ર - વ્યક્તિ, વાસણ; પાણી - જળ, તાકાત)

## 7. વ્યાજસ્તુતિ

★ નિંદા દ્વારા વખાણ અને વખાણ દ્વારા નિંદાના રૂપમાં હોય ત્યારે **વ્યાજસ્તુતિ અલંકાર** બને છે.

- દા.ત. :

1. શું તમારી બહાદુરી ! ઉંદર જોઈને નાઠા. *(વખાણ દ્વારા નિંદા)*
2. તમે ખરા પહેલવાન ! ઊગતો બાવળ કૂદી ગયા.
3. સમીરને છેલ્લી પાટલી પર બેસવાનો શોખ છે.
4. છગન માયકાંગલો નથી, પાપડતોડ પહેલવાન છે.
5. આ હોશિયાર વિદ્યાર્થી બીજા નંબરના સ્થાનનો કટ્ટો વેરી છે.
*(નિંદા-વખાણ)*

## 8. સજીવારોપણ

★ નિર્જીવમાં સજીવનું આરોપણ કરવામાં આવે છે. માનવસ્વભાવનું આરોપણ નિર્જીવ પદાર્થોમાં થાય ત્યારે **સજીવારોપણ અલંકાર** બને છે.

- દા.ત. :

1. રામને, સીતાજી માટે વિલાપ કરતા જોઈને પથ્થરો પણ રડી ઊઠ્યા.
2. ફૂલ હસતાં હતાં.
3. દૂરના ડુંગરો સાદ કરીને બોલતા હતા.
4. રાતોરાત વનપટ પડખું બદલી લે છે.
5. તગડીનાં પાદર વીંધીને સડક દોડતી હોય.

## પાઠ્યપુસ્તક આધારિત અલંકારના ઉદાહરણો

1. કાળા કરમનો કાળો મોહન, કાળું એનું નામ. → **વર્ણાનુપ્રાસ**
2. ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે. → **રૂપક**
3. નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.
→ **વર્ણાનુપ્રાસ**
4. ધન વૃંદાવન, ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે.
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ છે એની દાસી રે.
→ **અંત્યાનુપ્રાસ**
5. હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે.
→ **આંતરપ્રાસ**
6. ભરતખંડ ભૂતળમાં જનમી જેણે ગોવિંદ ગુણ ગાયા રે.
→ **વર્ણાનુપ્રાસ**
7. વિદ્યા ભણિયો જેહ, તેહ સદાવ્રત આપે. → **આંતરપ્રાસ**
8. વિદ્યા ભણિયો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.
વિદ્યા ભણિયો જેહ, કામની કંચન ચૂડો. → **અંત્યાનુપ્રાસ**
9. પરમાર્થી પરાક્રમી ઘણો, પર મુલકમાં પરવરે. → **વર્ણાનુપ્રાસ**
10. શામળ કહે બીજા બાપડાં, પ્હાણ સરીખા પારખ્યા. → **ઉપમા**
11. મઘવાદિક પણ મોતે મરે, કોણ માત્રમાં માનવી ? → **વર્ણાનુપ્રાસ**
12. નહિ વૃક્ષ નહિ વેલ, નહિ પાને નહિ ફૂલે,
નહિ નેત્ર નહિ બીજ, કણેકણ અતિ અમૂલ્યે. → **અંત્યાનુપ્રાસ**
13. લગન લગાડી આગ ! → **વર્ણાનુપ્રાસ**
14. સૂણ ચક્ષુ ! હું પાંગળું, તું મારું વાહન ! → **સજીવારોપણ, રૂપક**
15. મન ! લોચનનો પ્રાણ તું, લોચન તું મન કાય. → **રૂપક**
16. લોચન મનનો રે ! કે ઝઘડો લોચન મનનો !
રસિયા તે જનનો રે ! કે ઝઘડો લોચન મનનો ! → **અંત્યાનુપ્રાસ**
17. સુખથી સુખ, દુઃખ દુઃખથી, મનલોચન ! એ રીત → **શબ્દાનુપ્રાસ**
18. મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે. → **વર્ણાનુપ્રાસ**
19. વિપદ પડે પણ વણસે નહિ. → **વર્ણાનુપ્રાસ**
20. જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે, → **રૂપક**
21. હરખને શોકની ના'વે જેને હેડકી. → **રૂપક**
22. તન જોગી મન કંચન કામની. → **વર્ણાનુપ્રાસ**
23. જાગ, જગન, જપ, તપ ને તીરથ તેમાં સહુથી મોટો સતસંગ. → **વર્ણાનુપ્રાસ**
24. મૂરખ મનમાં મોટા રે, અજાણ્યે ઉતારણ આણે. → **વર્ણાનુપ્રાસ**
25. હીરાની પરીક્ષા રે, ઝવેરી હોય તે જાણે
મૂરખ મનમાં મોટા રે, અજાણ્યે ઉતારણ આણે. → **અંત્યાનુપ્રાસ**
26. જામી ગઈ તરત ઘોર કરાલ રાત
લાગી બધે પ્રસરવા, પુર માંહિ વાત. → **અંત્યાનુપ્રાસ**
27. વદન સુધાકરને રહ્યુ નિહાલી. → **રૂપક**
28. શિશુ સમાન ગણી સહદેવને. → **ઉપમા**
29. ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે.
ઝાંખી દિશા પણ જણાય અનિષ્ટ પાસે. → **અંત્યાનુપ્રાસ**
30. જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય જાણે પરીઓ. → **ઉત્પ્રેક્ષા**
31. માડી મીઠી સ્મિત મધુરને ભવ્ય મૂર્તિ પિતાજી. → **વર્ણાનુપ્રાસ**
32. બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અન્‌હદ ગતિ, નાથ મ્હારા તમારી. → **અંત્યાનુપ્રાસ**
33. સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના. → **વર્ણાનુપ્રાસ, સજીવારોપણ**

Downloaded from MARU GUJARAT.in

# છંદ ઓળખાવો

## છંદ અને તેના પ્રકારો

★ સંસ્કૃતમાં છંદોને વૃત્ત અને જાતિ એવા બે પ્રકારોમાં વહેંચવામાં આવે છે. ગુજરાતીમાં વૃત્તને અક્ષરમેળ છંદ અને જાતિ માત્રામેળ છંદ તરીકે ઓળખાય છે.

★ સાહિત્યનું આકર્ષક રસકેન્દ્ર તે કવિતા. કવિતામાં પંક્તિ ચોક્કસ માપની હોય છે. પદ્યની રચના ચોક્કસ માપ કે છંદમાં હોય છે. જેને પોતાનું નિશ્ચિત સ્વરૂપ હોય છે. છંદથી માધુર્ય પેદા થાય છે. ટૂંકમાં, **"માધુર્ય સર્જવા માટે દરેક લીટીમાં અક્ષરોની ચોક્કસ પ્રકારની ગોઠવણી એટલે છંદ."**

★ છંદોનું બંધારણ સમજવા માટે લઘુ ગુરુ, ગણ, માત્રા, યતિ વગેરે સમજવા જરૂરી છે.

★ છંદના મુખ્ય બે પ્રકાર છે : **(1) અક્ષરમેળ છંદ (2) માત્રામેળ છંદ**

**1. અક્ષરમેળ છંદ :** અક્ષરમેળ છંદમાં કાવ્યની પંક્તિઓના અક્ષરોની ગણતરી કરવી પડે છે. તેમાં લઘુ-ગુરુ અક્ષરોની ચોક્કસ સંખ્યા નક્કી કરી ગણરચના કરવામાં આવે છે.

★ **લઘુ અક્ષર :** છંદના શાસ્ત્રમાં હ્રસ્વને લઘુ કહે છે, અ, ઈ, ઉ અને ઋ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે લઘુ (હ્રસ્વ) કહેવાય. દા.ત. ક, રિ, યુ, સ, પ્ર વગેરે 'લઘુ'ની ⌣ નિશાની છે.

★ **ગુરુ અક્ષર :** છંદના શાસ્ત્રમાં દીર્ઘને ગુરુ કહે છે. આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે વ્યંજનોને ગુરુ કહેવાય. દા.ત. જા, વે, ની, દે, લો, લૂ 'ગુરુ'ની નિશાની – છે.

★ **યતિ :** છંદની પંક્તિમાં ક્યારેક અટકીને કે લંબાવીને પાઠ કરવાના સ્થાન આવે છે. આવા સ્થાનને યતિ કહેવામાં આવે છે.

• *દા.ત.* : ઊંચા ઊંચા / શિવ શિખરના / શોભતા શા પ્રદેશો.

★ **યતિભંગ :** છંદના બંધારણમાં જ્યાં યતિ આવતો હોય ત્યાં શબ્દ પૂરો થવો જોઈએ. કોઈકવાર કોઈક પંક્તિઓમાં યતિને કારણે શબ્દને તોડીને ઉચ્ચારવો પડે છે. આમ થાય ત્યારે યતિભંગ થયો છે એમ કહેવાય.

• *દા.ત.* : ને બીડેલા / કમલ મહીં / બંધાઈ સૌન્દર્યઘેલો.

ઉપરોક્ત પંક્તિમાં 'બ' પાસે યતિસ્થાન હોવાથી શબ્દને તોડીને 'બં' પાસે સહેજ અટકીને તેને ઉચ્ચારવો પડે છે.

★ **તાલ :** છંદમાં અમુક અમુક અંતરે ભાર મુકાય છે તેને તાલ કહે છે.

★ **ચરણ :** છંદની પૂરેપૂરા માપવાળી એક લીટીને ચરણ કે પાદ કહે છે. ચરણ સામાન્ય રીતે એક અલગ પંક્તિરૂપે લખાય છે.

• *દા.ત.* : દીપકના બે દીકરા,    કાજળને અજવાશ    (પંક્તિ-1)

ચરણ-1    ચરણ-2

એક કપૂત કાળું કરે,    બીજો દિયે પ્રકાશ.    (પંક્તિ-2)

ચરણ-3    ચરણ-4

★ **કડી કે શ્લોક :** ચાર ચરણ કે પાદની એક કડી કે શ્લોક બને છે. આ નિયમ ન જળવાય તો શ્લોકભંગ થયો ગણાય છે.

★ **શ્રુતિભંગ :** એક ગુરુ અક્ષરને સ્થાને બે લઘુ અક્ષર આવે તેને શ્રુતિભંગ કહે છે.

## લઘુ અક્ષરો ક્યારે ગુરુ બને ?

### 1. અનુસ્વાર અથવા અનુનાસિક

★ કોઈપણ અક્ષર ઉપર અનુસ્વાર તીવ્ર હોય ત્યારે તે અક્ષર ગુરુ ગણાય.

• *દા.ત.* : પંકજ, ગંગા, દંડ, સંમતિ વગેરેમાં પં, ગં, દં, સં ગુરુ અક્ષરો છે.

→ કેટલીકવાર અનુસ્વારનો ઉચ્ચાર મૃદુ હોય ત્યારે અનુસ્વાર યુક્ત અક્ષર લઘુ ગણાય.

• *દા.ત.* : કહ્યું, જઉં, મળ્યું, બોલતું, સુંવાળું, કુંવારું વગેરેમાં આવેલ અનુસ્વાર હળવો હોવાથી એ લઘુ અક્ષરો છે.

### 2. સંયુક્ત અક્ષર

★ બે વ્યંજનો જોડાઈને સંયુક્ત વ્યંજન બને છે. સંયુક્ત વ્યંજનમાં સ્વર મળતાં સંયુક્ત અક્ષર થાય છે.

• *દા.ત.* : ક્ષ + અ = ક્ષ

→ લઘુ અક્ષર પછી સંયુક્ત અક્ષર આવે તો લઘુ અક્ષર ગુરુ ગણાય તેથી તેની બે માત્રા હોય છે.

• *દા.ત.* : 'નિષ્ફળ' માં પહેલો અક્ષર 'નિ' લઘુ છે. પણ તેની પછી આવેલા સંયુક્ત અક્ષરના થડકાને લીધે તે ગુરુ છે. દુષ્ટ, શિષ્ટ, દષ્ટિ - ગુરુ અક્ષર.

→ જ્યારે સંયુક્ત અક્ષરોનો ઉચ્ચાર મૃદુ હોય ત્યારે પૂર્વે આવેલો લઘુ અક્ષર લઘુ અને એક માત્રાવાળો જ રહે છે.

• *દા.ત.* : ગળ્યું, કર્યું, પડ્યો, મળ્યાં - લઘુ અક્ષરો બને.

★ **વિસર્ગ :** વિસર્ગવાળો અક્ષર લઘુ હોય, પણ વિસર્ગનો ઉચ્ચાર કરવો પડે તો તે ગુરુ થાય. દા.ત. અંતઃકરણમાં **'ત'** ગુરુ ગણાય.

★ **ગણરચના :** લઘુ-ગુરુ અક્ષરના બનેલા જૂથને ગણ કહે છે. આવા આઠ ગણ છે. આ યાદ રાખવા નીચેની પંક્તિ તૈયાર કરવામાં આવે છે.

**સૂત્ર : ય મા તા રા જ ભા ન સ લ ગા**

| ક્રમ | ગણ | લઘુગુરુ બંધારણ | ઉદાહરણ | ચિહ્ન | અક્ષર (લઘુ-ગુરુ) |
|---|---|---|---|---|---|
| 1. | ય-ગણ | યમાતા | જશોદા | ⌣ – – | લઘુ-ગુરુ-ગુરુ |
| 2. | મ-ગણ | માતારા | આકાંક્ષા | – – – | ગુરુ-ગુરુ-ગુરુ |
| 3. | ત-ગણ | તારાજ | આકાશ | – – ⌣ | ગુરુ-ગુરુ-લઘુ |
| 4. | ર-ગણ | રાજભા | માનવી | – ⌣ – | ગુરુ-લઘુ-ગુરુ |
| 5. | જ-ગણ | જભાન | સદૈવ | ⌣ – ⌣ | લઘુ-ગુરુ-લઘુ |
| 6. | ભ-ગણ | ભાનસ | વૈભવ | – ⌣ ⌣ | ગુરુ-લઘુ-લઘુ |
| 7. | ન-ગણ | નસલ | મિનિટ | ⌣ ⌣ ⌣ | લઘુ-લઘુ-લઘુ |
| 8. | સ-ગણ | સલગા | વલભો | ⌣ ⌣ – | લઘુ-લઘુ-ગુરુ |
| 9. | લ | લઘુ | - | ⌣ | લઘુ |
| 10. | ગા | ગુરુ | - | – – | ગુરુ |

**2. માત્રામેળ છંદ :** માત્રામેળ છંદમાં અક્ષરો નહિ, પણ માત્રા જ જોવાય. લઘુ ⌣ ની જોડ (1) અને ગુરુ ની બે (2) માત્રા ગણાય છે.

### છંદના પ્રકાર

★ **અક્ષરમેળ છંદ :** 1. શિખરિણી 2. પૃથ્વી 3. મંદાક્રાન્તા 4. શાર્દૂલ વિક્રીડિત 5. મનહર 6. અનુષ્ટુપ 7. સ્ત્રગ્ધરા

★ **માત્રામેળ છંદ :** 1. દોહરો 2. ચોપાઈ 3. સવૈયા 4. હરિગીત

# અક્ષરમેળ છંદ

## 1. શિખરિણી છંદ

- **છંદનું નામ :** શિખરિણી છંદ
- **અક્ષર :** 17
- **બંધારણ :** યમનસભલગા
- **યતિ :** 6 અને 12 અક્ષરે
- **દા.ત. :** 1. પ્રભો અંતર્યામી જીવન જીવના દીન શરણા.
  2. અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.

| ય | મ | ન | સ | ભ | લગા |
|---|---|---|---|---|---|
| અસત્યો | માંહેથી | પ્રભુપ | રમસ | ત્યેતુંલ | ઈજા |
| ∪ – – | – – – | ∪ ∪ ∪ | ∪ ∪ – | – ∪ ∪ | ∪ – |

## 2. પૃથ્વી છંદ

- **છંદનું નામ :** પૃથ્વી છંદ
- **અક્ષર :** 17
- **બંધારણ :** જસજસયલગા
- **યતિ :** 8 કે 9 અક્ષરે
- **દા.ત. :** 1. ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળી.
  2. મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી.
  3. છતાંય દિલતો ચહે તન યુવાનની તાજગી
  4. નહીં સ્વજન તે બધાં, સ્વજન એકલી તું હતી.

| જ | સ | જ | સ | ય | લ ગા |
|---|---|---|---|---|---|
| ભમોભ | રતખં | ડમાંસ | કળભો | મખૂંદી | વળી |
| ∪ – ∪ | ∪ ∪ – | ∪ – ∪ | ∪ ∪ – | ∪ – – | ∪ – |

## 3. મંદાક્રાન્તા છંદ

- **છંદનું નામ :** મંદાક્રાન્તા છંદ
- **અક્ષર :** 17
- **બંધારણ :** મભનતતગાગા
- **યતિ :** 4, 10 અક્ષરે
- **દા.ત. :** 1. રે પંખીડા સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો.
  2. હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
  3. બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી.
  4. ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી.
  5. શોકાવેશે હૃદય ભરતી કંપતી ભીતિઓથી.

| મ | ભ | ન | ત | ત | ગા ગા |
|---|---|---|---|---|---|
| હા પસ્તા | વોવિપુ | લઝર | ણું સ્વર્ગ | થી ઊત | ર્યું છે |
| – – – | – ∪ ∪ | ∪ ∪ ∪ | – – ∪ | – – ∪ | – – |

## 4. શાર્દૂલવિક્રીડિત

- **છંદનું નામ :** શાર્દૂલવિક્રીડિત
- **અક્ષર :** 19
- **બંધારણ :** મસજસતતગા
- **યતિ :** 12, 7 અક્ષરે
- **દા.ત. :** 1. ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ, હેમન્તનો પૂર્વમાં
  2. ઊગે છે નભસૂર્ય ગાઢ જગના અંધારને ભેદવા
  3. ન તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો.
  4. ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઈચ્છવું.

| મ | સ | જ | સ | ત | ત | ગા |
|---|---|---|---|---|---|---|
| ઊગે છે | સુરખી | ભરીર | વિમૃદુ | હેમન્ત | નો પૂર્વ | માં |
| – – – | ∪ ∪ – | ∪ – ∪ | ∪ ∪ – | – – ∪ | – – ∪ | – |

## 5. મનહર છંદ

- **છંદનું નામ :** મનહર છંદ
- **અક્ષર :** 31 (16 + 15)
- **બંધારણ :** ચરણને છેડે ગુરુ (બે પંક્તિ હોય)
- **યતિ :** 8, 16, 24 અક્ષરે
- **દા.ત. :** 1. ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળાં ભૂંડાં.
  ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે.
  2. પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી ?
  સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.
  3. કહે દલપતરામ રાજ અધિરાજ સુણો,
  રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.

પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી (16 અક્ષર)
સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે. (15 અક્ષર)

## 6. અનુષ્ટુપ છંદ

- **છંદનું નામ :** અનુષ્ટુપ છંદ
- **અક્ષર :** 16 + 16
- **બંધારણ :** 16, 16 ના બે ચરણ અથવા 8, 8 ના 4 ચરણ
- **યતિ :** 1. દરેક ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ
  2. પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ
  3. બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર ગુરુ
- **દા.ત. :** 1. છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ
  દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય.
  2. સ્નેહગર્વ નથી જેને સ્નેહશોક ન એ ધરે.
  તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ એ ઉરે.
  3. વસે શું વિશ્વમાં આવી સત્યધર્મ પ્રસારતી
  અમોલ માનવી સત્તા સર્વલોક પ્રતારતી

| | |
|---|---|
| 1 2 3 4 5 6 7 8 | 1 2 3 4 5 6 7 8 |
| છા યા તો વ ડ લા જે વી, | ભા વ તો ન દ ના સ મ |
| ∪ – – (5, 6, 7) | ∪ – ∪ (5, 6, 7) |
| દે વો ના ધા મ ના જે વું, | હૈ યું જા ણે હિ મા લ ય |
| 1 2 3 4 5 6 7 8 | 1 2 3 4 5 6 7 8 |
| ∪ – – (5, 6, 7) | ∪ – ∪ (5, 6, 7) |

★ આઠ-આઠ અક્ષરના ચાર ચરણ
★ પહેલી અને ત્રીજી પંક્તિમાં 5, 6, 7 મો અક્ષર લ ગા ગા
★ બીજી અને ચોથી પંક્તિમાં 5, 6, 7 મો અક્ષર લ ગા લ

## 7. સ્ત્રગ્ધરા છંદ

- **છંદનું નામ :** સ્ત્રગ્ધરા છંદ
- **અક્ષર :** 21
- **બંધારણ :** મ ર ભ ન ય ય ય
- **યતિ :** 7, 14 અક્ષરે
- **દા.ત. :** 1. ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.
  2. ઊઠી વ્હેલા પ્રભાતે ઝટ ઘર વખરી ગોઠવે વાળી ઝાડી.
  3. ખાટી છાશે ભીંજાવી ગગરી કળશિયા માંજી સોને મઢી દે.

| મ | ર | ભ | ન | ય | ય | ય |
|---|---|---|---|---|---|---|
| ધી મે ધી | મે છ ટા | થી કુ સુ | મ ર જ | લ ઈ ડો | લ તો વા | યુ વા ય |
| – – – | – ∪ – | – ∪ ∪ | ∪ ∪ ∪ | ∪ – – | ∪ – – | ∪ – – |

Downloaded from MARU GUJARAT.in

# માત્રામેળ છંદ

## 1. દોહરો છંદ

- **છંદનું નામ :** દોહરો છંદ
- **અક્ષર :** 4
- **બંધારણ :** 1 અને 3 ચરણમાં = 13 માત્રા
  2 અને 4 ચરણમાં = 11 માત્રા
- **યતિ :** 13 મી માત્રા પછી
- **દા.ત. :** 1. ઓ ઈશ્વર ભજિયે તને, મોટું છે તુ જ નામ
  ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ
  2. હસે ગગનના તારલા, હસે બાગના ફૂલ,
  હરિગત હૈયાંઓ હસે, હસે ન ધૂસરે ધૂળ.
  3. દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ
  એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.
  4. શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક
  જેમાં સુખદુઃખ વામીએ, સો લાખનમાં એક.
  5. બીજાને પહોંચે નહિ, તે રમીને ભરથાર

| | | |
|---|---|---|
| | 2 1 1 2 2 2 1 2 | 2 1 1 2 1 1 2 1 |
| | દીપકના બે દીકરા, | કાજળને અજવાશ |
| | ચરણ-1 (માત્રા-13) | ચરણ-2 (માત્રા-11) |
| (કવિ છૂટ) | એક કપૂત કાળુ કરે, | બીજો દિયે પ્રકાશ |
| | ચરણ-3 (માત્રા-13) | ચરણ-4 (માત્રા-11) |

## 2. ચોપાઈ છંદ

- **છંદનું નામ :** ચોપાઈ છંદ • **ચરણ :** 4
- **બંધારણ :** દરેક ચરણમાં 15 માત્રા, છેલ્લા બે અક્ષર અનુક્રમે ગુરુ-લઘુ
- **યતિ :** 15 મી માત્રા પછી
- **દા.ત. :** 1. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.
  તે માટે તક જોઈ તમામ, શક્તિ વિચારી કરીએ કામ.
  2. પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતાં વાત,
  ઠંડો મીઠો વ્હેતો વા, મીઠા કો હૈયાની 'હા'.
  3. વાદળની ચાદર ઓઢીને સૂરજ જ્યારે પોઢી જાય,
  ભટૂરિયાં શા તારલિયા લૈ ચંદા આભે રમવા જાય.
  4. જ્યાં જઈએ ત્યાં કૂડેકૂડ સામસામી બેઠાં ઘૂડ.
  5. જો જો રે મોટાના બોલ, ઊજળ ખેડે બાજ્યું ઢોલ.

2 2 2 2 2 2 2 1
લાં બા જો ડે ટૂં કો જા ય = 15 માત્રા

1 2 1 2 2 2 2 2 1
મ રે ન હીં તો માં દો થા ય. = 15 માત્રા

## 3. સવૈયા છંદ

- **છંદનું નામ :** સવૈયા છંદ • **ચરણ :** 4
- **બંધારણ :** 31 કે 32 માત્રા
  → ચરણના અંતે ગુરુ-લઘુ આવશ્યક છે.
  → છેલ્લો અક્ષર ગુરુ હોય તો 32 માત્રા થાય.
- **યતિ :** 16, 21 મી માત્રાએ
- **દા.ત. :** 1. ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળાકેર ગયા કરનાર,
  પર નાતીલા જાતીલાથી સંપ કરી ચાલે સંસાર.
  2. દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જોતાં પકડે કાન.
  3. આકાશે સંધ્યા ખીલતી માથે સાતમ કેરો ચાંદ
  4. અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?

ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળાકેર ગયા કરનાર
21 12 2 21 12 11 2221 12 1121

## 4. હરિગીત

- **છંદનું નામ :** હરિગીત છંદ
- **ચરણ :** 4
- **બંધારણ :** દરેક ચરણમાં 28 માત્રા
  → ચરણનો છેલ્લો અક્ષર ગુરુ
- **દા.ત. :** 1. જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
  2. નરદેવ ભીમકની સુતા દમયંતી નામે સુંદરી
  3. જે પોષતું તે મારતું એ ક્રમ નથી શું કુદરતી ?
  4. નેણે ખુશી, વેણે ખુશી, હાલે ખુશી, ચાલે ખુશી
  5. ચળકાટ તારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે.
  6. આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા.

2 2122212 22 111 11 21 2
આ પ્રેમપારાવારમાં નાતાં મરણ પણ મિષ્ટ છે. = 28 માત્રા

## પાઠ્યપુસ્તક આધારિત છંદના ઉદાહરણો

1. વાડ થઈને ચીભડાં ગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે ?
   ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ એકે જન. → **ચોપાઈ છંદ**
2. મા મારે પય પીતાં બાળ, સત્યવાદી જો બોલે આળ,
   રાજા થઈને લૂંટી લેય, પ્રજા કોણ આગળ જઈ ક્હેય ? → **ચોપાઈ છંદ**
3. શાને આવ્યો હશે તેની કલ્પનાઓ ચલાવતા
   ભય સંદેહ દર્શાવી શિર કોઈ હલાવતા → **અનુષ્ટુપ છંદ**
4. જાણે બધું, તથાપિ કૈં કહેવાની રજા નહીં,
   શમાવી ન શકે તેથી મૂંઝાય મનની મહીં. → **અનુષ્ટુપ છંદ**
5. કનિષ્ઠ દ્રૌપદી સાથ પોતાના વાસમાં હતો
   સતી ખેદ હતી જોતી વદને વધતો જતો ! → **અનુષ્ટુપ છંદ**
6. ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતાં
   એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા. → **અનુષ્ટુપ છંદ**
7. બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી. → **મંદાક્રાન્તા**
8. દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં. → **મંદાક્રાન્તા**
9. છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી. → **મંદાક્રાન્તા**
10. ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની → **શિખરિણી**
11. પુરી, કાશી, કાંચી, અવધ, મથુરાને અવર સૌ. → **શિખરિણી**
12. અતિ ભલો નહીં બોલવું, અતિ ભલી નહીં ચૂપ;
    અતિ ભલો નહીં વરસવું, અતિ ભલી નહીં ધૂપ. → **દોહરો**
13. જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે,
    ઘસીને જાતને સંતો અન્યને સુખિયાં કરે. → **અનુષ્ટુપ**
14. મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો,
    ધસે ધારો ઊંચી, તુહિન તહીં ટોચે તગતગે → **શિખરિણી**
15. પરોઢે આવેલા સપન સમ આવ્યા પિયુ તમે. → **શિખરિણી**

Downloaded from MARU GUJARAT.in

# વિભક્તિ ( વાક્યપ્રકાર )

## અનુગો અને નામયોગીઓ

★ **વિભક્તિઓ એટલે શું ?**

➡ વાક્યના પદો વચ્ચે કર્તા, કર્મ વગેરે જુદા-જુદા પ્રકારના જે સંબંધો હોય છે તેને વિભક્તિ સંબંધ કે વિભક્તિઓ કહેવામાં આવે છે.

➡ **'એ'**, **'ને'**, **'થી'**, **'માં'** વગેરેને વિભક્તિ પ્રત્યયો કે અનુગો કહે છે.

● *દા.ત.* : નચિકેતે નીતાને કવિતા સમજાવી.

(રેખાંકિત વર્ણ **'એ'**, **'ને'** પ્રત્યય દર્શાવે છે.)

★ **વિભક્તિને લાગતા અનુગો :**

**'એ'**, ને **'થી'**, થકી, માં, નો, ની, નું, ના, નાં

<u>**યાદ રાખો :**</u> કશો પ્રત્યય કે અનુગ ન હોય એ સ્થિતિ પણ કોઈક વિભક્તિ દર્શાવવાનું કામ કરે છે.

● *દા.ત.* : <u>નીતા</u> <u>ગીત</u> ગાય છે.

કર્તા વિ. કર્મ વિ.

★ **અનુગો અને નામયોગીઓ :** અનુગો જેમ વિભક્તિ દર્શાવવાનું કામ કરે છે તેમ નામયોગીઓ પણ વિભક્તિઓ દર્શાવે છે.

**યાદ રાખો :**

1. અનુગો અને નામયોગી બન્ને પદની પાછળ આવે છે અને વિભક્તિ દર્શાવે છે.
2. અનુગો પદ સાથે જોડાઈને આવે છે. નામયોગી અલગ મૂકાય છે.
3. નામયોગીઓ ઘણીવાર પોતાની પહેલાં ને, નો, નું, ના કે નાં વગેરેમાંથી કોઈ અનુગ લે છે.
4. અનુગોની સંખ્યા ચોક્કસ છે, 'એ', 'ને', 'થી', નો, ની, નું, નાં, ના, માં..... વગેરે
5. નામયોગીઓ અનેક છે. જેમ કે વડે, વતી, થકી, મારફત, દ્વારા, સાથે, સિવાય, વિના, લીધે, કારણે, તરીકે, પેઠે, માફક, માટે, કાજે, વાસ્તે, સારુ, ખાતર, તણું, કેરું, પાસે, તરફ, સામે, અંદર, બહાર, ઉપર, નીચે, આગળ, સુધી, અંગે
6. વિભક્તિના અનુગો કે નામયોગીઓ મુખ્યત્વે સંજ્ઞા અને સર્વનામને લાગે છે.

★ વિભક્તિ એટલે સંજ્ઞા કે સર્વનામના પદોનો ક્રિયાપદ સાથેનો કે અન્ય સંજ્ઞા, સર્વનામ સાથેનો સંબંધ.

**ગુજરાતી ભાષામાં આવતી વિભક્તિઓ અને તેમને લાગતા અનુગો કે નામયોગી દર્શાવતો કોઠો :**

| કારક | વિભક્તિ | શું દર્શાવે છે ? | પ્રત્યય |
|---|---|---|---|
| કર્તા | પ્રથમા | ક્રિયાનો કરનાર | 0, એ |
| કર્મ | દ્વિતીયા | ક્રિયાનું કર્મ | 0, ને |
| કરણ | તૃતીયા | ક્રિયાનું સાધન | થી, થકી, વડે, દ્વારા |
| સંપ્રદાન | ચતુર્થી | ક્રિયાનો હેતુ, કારણ | માટે, વાસ્તે, સારું, કાજે |
| અપાદાન | પંચમી | છૂટું પડવાની ક્રિયામાં સ્થિર, અસ્થિર પદાર્થ | માંથી, અંદરથી, ઉપરથી |
| સંબંધ | ષષ્ઠી | સંબંધ દર્શાવનાર પદ | નો,ની,નું,ના,રો,રી,રું,રાં |
| અધિકરણ | સપ્તમી | ક્રિયાનું આધારવાચક પદ | માં, અંદર, ઉપર |
| સંબોધન | અષ્ટમી | જેને બોલાવવાનો હોય તે | હે, અરે, ઓ |

( 0 – એટલે ક્યારેક કોઈ પ્રત્યય ન પણ લાગે.)

## ગુજરાતી ભાષાની વિભક્તિઓનો પરિચય :

### 1. પ્રથમા વિભક્તિ (કર્તા વિભક્તિ)

★ ક્રિયાનો કરનાર તે કર્તા. દરેક ક્રિયાનો કર્તા હોય છે. કોઈપણ પદ જ્યારે ક્રિયાના કરનારને દર્શાવે ત્યારે તે <u>કર્તા વિભક્તિમાં</u> છે એમ કહેવાય. સામાન્ય રીતે આ વિભક્તિનો પ્રત્યય લખાતો નથી. ક્યારેક એને **'એ'** પ્રત્યય લગાડવામાં આવે છે.

● *દા.ત.* : ગીતા સરસ ગીત ગાય છે. *(અનુગ વગરનો કર્તા)*

ગીતાએ સરસ ગીત ગાયું. *(અનુગવાળો કર્તા)*

★ કર્તા વિભક્તિ ગુજરાતીમાં અનુગ વિના તેમજ **'એ'**, **'ને'** અને **'થી'** અનુગથી દર્શાવી શકાય છે.

● *દા.ત.* :
1. **મીના** કપડા ધોવા બેઠી છે. *(અનુગ વિના કર્તા)*
2. **પૂર્વાદિત્યને** રમવું ગમે છે. *('ને' અનુગ સાથે કર્તા)*
3. **મધુથી** અવાશે નહિ. *('થી' અનુગ સાથે કર્તા)*
4. **ગિલાએ** છકડાનું હેન્ડલ પકડ્યું. *('એ' અનુગ સાથે કર્તા)*

### 2. દ્વિતીયા વિભક્તિ (કર્મ વિભક્તિ)

★ કર્તા દ્વારા જે ક્રિયા થાય, જે પ્રવૃત્તિનો આધાર હોય અથવા તો કર્તા પોતાની ક્રિયા વડે જે ફળ પ્રાપ્ત કરવા ઇચ્છે તે <u>કર્મ</u>. સામાન્ય રીતે ક્રિયાનો વિષય કે લક્ષ્ય હોય તે બનાવનાર પદને કર્મ કહેવાય.

● *દા.ત.* :
1. પ્રદિપ પ્રદર્શનમાં **ચિત્રો** જુએ છે.

*(ચિત્રો જોવાની ક્રિયાનો વિષય)*

2. શિકારીના પગરવે **સિંહણને** ચમકાવી.

*(સિંહણને ચમકવાની ક્રિયાનો વિષય)*

3. ક્રિષ્ના **મને** મંદિરે મળી. *(મળવાની ક્રિયાનો વિષય)*

★ ઉપરોક્ત વાક્યોમાં **'ચિત્રો'**, **'સિંહણને'**, **'મને'** એ પદો કર્મ વિભક્તિના છે.

★ કેટલીકવાર એકજ વાક્યમાં <u>બે કર્મ</u> પણ હોય ત્યારે તેવી રચનાને <u>દ્વિકર્મક</u> કહેવાય. એમાં એક મુખ્ય કર્મ અને બીજું ગૌણ કર્મ ગણાય છે. કેટલાક ક્રિયાપદો બે કર્મ લેતા હોય છે.

● *દા.ત.* : દાદાજી બાળકોને વાર્તા કહે છે.

ગૌણકર્મ મુખ્યકર્મ

★ આમ, કર્મવિભક્તિને પ્રત્યય હોતો નથી. અને જો ક્યારેક પ્રત્યય હોય તો તેમાં **'ને'** પ્રત્યય પ્રયોજાય છે.

### 3. તૃતીયા વિભક્તિ (કરણ વિભક્તિ)

★ કરણ એટલે સાધન. ક્રિયા કરવામાં જેનો ઉપયોગ થાય તે, ક્રિયા કરવામાં જે ઉપયોગી હોય તે. જ્યારે ક્રિયાનું સાધન રીત કે કારણ દર્શાવે છે, ત્યારે તે કરણ વિભક્તિમાં છે એમ કહેવાય.

● *દા.ત.* :
1. ભારે હૈયે એ દવાખાનામાં ગયા. *('એ', રીતનો અર્થ)*
2. તેણે કલમથી કાગળ લખ્યો. *('થી' સાધનનો અર્થ)*
3. તે ચાક વડે લીટા કરતી. *('વડે' સાધનનો અર્થ)*
4. મેં મારા મિત્ર દ્વારા સંદેશો મોકલાવ્યો હતો. *('દ્વારા' રીતનો રીત)*

★ **યાદ રાખો :** (કરણ વિભક્તિમાં વપરાતા નામયોગીઓ જેવા કે મારફત, દ્વારા, માફક, પેઠે, જેમ, સાથે વગેરે રીતનો અર્થ દર્શાવે છે.)

## 4. ચતુર્થી વિભક્તિ (સંપ્રદાન વિભક્તિ)

★ **ક્રિયાનું ફળ જેને પ્રાપ્ત થાય તે સંપ્રદાન.** આપવાની ક્રિયામાં જે વ્યક્તિ લેનાર હોય તેને **સંપ્રદાન** કહેવાય છે. જેમકે :

● દા.ત. : 1. વડીલોને ભગવાને ઘણું દાન આપ્યું છે.
2. તે ઉપાધ્યાયને ગાય આપે છે.

ઉપરના વાક્યોમાં 'વડીલોને' અને 'ઉપાધ્યાયને' પદો સંપ્રદાનમાં છે.

★ સંપ્રદાન વિભક્તિમાં **'ને', 'માટે', 'વાસ્તે', 'સારું', 'કાજે', 'ને માટે'** વગેરે પ્રત્યયો કે નામયોગી લાગે છે.

## 5. પંચમી વિભક્તિ (અપાદાન વિભક્તિ)

★ અપાદાન એટલે છૂટા પડવું. વાક્યમાં જ્યારે છૂટા પડવાનો ભાવ (અર્થ) પ્રગટ થતો હોય ત્યારે અપાદાન વિભક્તિ પ્રયોજાય. **અપાદાન વિભક્તિમાં છૂટા પડવાનો ભાવ છે.** જેનાથી છૂટા પડવાની ક્રિયા થઈ હોય તેને દર્શાવતું પદ અપાદાન વિભક્તિમાં છે એમ કહેવાય.

● દા.ત. : 1. મેં **નંદાસણથી** વૃંદાવન જવાનું નક્કી કર્યું. (છૂટા પડવાનો અર્થ)
2. ઊંડા **અંધારેથી** પ્રભુ ! પરમ તેજે તું લઈ જા. (છૂટા પડવાનો અર્થ/દૂર થવાનો અર્થ)
3. નિમીષાએ પતિના **હાથમાંથી** થેલી લઈ લીધી. (છૂટા પડવાનો અર્થ)
4. ઝાડ **પરથી** ફળ પડ્યું. (છૂટા પડવાનો અર્થ)

★ **યાદ રાખો :** તુલના કે તફાવત દર્શાવતાં પદોમાં અપાદાનનો અર્થ સૂક્ષ્મ હોય છે. આમ અપાદાન વિભક્તિના પ્રત્યયો **'થી', 'થકી', 'માંથી', 'ઉપરથી', 'પાસેથી', 'ને લીધે'** વગેરે છે.

## 6. ષષ્ઠી વિભક્તિ (સંબંધ વિભક્તિ)

★ એક નામને અન્ય નામ સાથે જોડનાર તે સંબંધ. **વાક્યમાં સંજ્ઞા કે સર્વનામના પદને ક્રિયાપદને બદલે બીજા સંજ્ઞા કે સર્વનામના પદ સાથે જોડવાની જરૂર પડે છે.** જે નામપદ આ રીતે બીજા નામપદ સાથેનો સંબંધ પ્રગટ કરે તે સંબંધ વિભક્તિમાં છે એમ કહેવાય.

● દા.ત. : 1. પતિની પત્ની
2. વૃક્ષનું ફળ
3. માબાપનો એકનો એક દીકરો
4. લાખાવાળાનો આત્મારામ એ વછેરો !

ઉપરના વાક્યોમાં **નો, ની, નું,** વગેરે એક પદને બીજા પદ સાથે કોઈ ચોક્કસ સંબંધથી જોડે છે માટે તે સંબંધ વિભક્તિમાં છે એમ કહેવાય.

● દા.ત. : ગણિતના દાખલા ગણો.

★ ઉપરોક્ત વાક્યમાં **'ગણિતના'** એ પદ **'દાખલા'**નો વિશેષ પરિચય આપે છે. અહીં ગણિતના એ નામપદનો 'દાખલા' નામપદ સાથે સંબંધ છે. એ સંબંધ 'ના' પ્રત્યયથી રચાય છે.

★ આમ, સંબંધ વિભક્તિના પ્રત્યયો **નો, ની, નું, નાં, તણુ, કેરું, દ્વારા** વગેરે છે.

## 7. સપ્તમી વિભક્તિ (અધિકરણ વિભક્તિ)

★ ક્રિયાનું **સ્થાન કે ક્રિયાનો સમય બતાવનાર પદો** અધિકરણ વિભક્તિમાં છે એમ કહેવાય. ક્રિયાનો જે આધાર હોય તે અધિકરણ.

● દા.ત. : 1. હું બિહારીજીનાં દર્શન કરીને **આશ્રમે** આવ્યો - 'એ'
2. કેટલાક સાધકો **ઘરમાં** રહીને સાધના કરે છે. - 'માં'
3. અગિયારસના **દિવસે** ભગત પગે ચાલતા દામાકુંડમાં નાહવા પડે - 'એ'

★ ગુજરાતી ભાષામાં **અંદર, બહાર, ઉપર, નીચે, પાસે, પડખે, તરફ, સામે, પહેલાં, પડખે, પછી, બાદ, આગળ, પાછળ, સુધી, લગી** વગેરે જેવા નામયોગીઓ પણ ક્રિયાના સ્થાન કે સમય દર્શાવવા પ્રયોજાય છે. એટલે એ અધિકરણ વિભક્તિ દર્શાવે છે.

● દા.ત. : 1. દાદા કેસરીસિંઘના **મુખ ઉપર** નાખુશીના ભાવ છે.
2. હું સાત **દિવસ સુધી** રજા ઉપર છું.

## 8. અષ્ટમી વિભક્તિ (સંબોધન વિભક્તિ)

★ સંબોધન વિભક્તિ એક અર્થમાં કર્તા વિભક્તિ જ છે. સીધું સંબોધન હોય ત્યારે એ પ્રયોજાય છે. **વાક્યમાં કોઈને સંબોધન કરવામાં આવ્યું હોય તો એ પદ સંબોધન વિભક્તિમાં છે એમ કહેવાય.** સંબોધન વિભક્તિનું પદ વાક્યથી સ્વતંત્ર હોય છે અને એને અલ્પવિરામ કે ઉદ્ગાર ચિહ્નથી જુદું પાડવામાં આવે છે.

● દા.ત. : 1. **ભાઈ,** તમે તેને મદદ કરશો કે ?
2. ત્રણે લોકે, **દેવા !** નથી તુજ સમોં અન્ય ન થશે.
3. **બહેન,** મારે તમારી ક્ષમા માગવાની છે.

★ ઉપરોક્ત વાક્યોમાં **ભાઈ, દેવા, બહેન** વગેરે પદ સંબોધનરૂપે પ્રયોજાયાં છે. આ પદો વાક્યના અન્ય કોઈ પદ સાથે કર્તા, કર્મ કે આવા કોઈ સંબંધથી સંકળાતાં નથી પણ વાક્ય કોને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે તે દર્શાવે છે. તેથી આ પદો સંબોધન વિભક્તિમાં છે એમ કહેવાય. સંબોધન વિભક્તિમાં **'હે', ઓ,** વગેરે જેવા પ્રત્યયરૂપ રૂપો પ્રયોજાય છે. એમાં કોઈ અનુગ કે નામયોગીનો ઉપયોગ થતો નથી.

## પાઠ્યપુસ્તક પર આધારિત વિભક્તિનાં ઉદાહરણો

★ **રેખાંકિત વિભક્તિ-પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે તે લખો.**

1. ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે.
→ બ્રહ્મલોકમાં - *અધિકરણના અર્થમાં સપ્તમી વિભક્તિ*

2. ભરતખંડ ભૂતળમાં જનમી જેણે ગોવિંદ ગુણ ગાયા રે.
→ ભૂતળમાં - *અધિકરણના અર્થમાં સપ્તમી વિભક્તિ*

3. પોતે જાત પવિત્ર નાવા-ધોવાથી નાસે.
→ નાવા-ધોવાથી - *કરણના અર્થમાં તૃતીયા વિભક્તિ*

4. પરમાર્થી પરાક્રમી ઘણો, પર મુલકમાં પરવરે.
→ મુલકમાં - *અધિકરણના અર્થમાં સપ્તમી વિભક્તિ*

5. ભોજનમાં તે ભળે, મનુષ્યને લાગે તે મીઠું
→ ભોજનમાં - *અધિકરણના અર્થમાં સપ્તમી વિભક્તિ*
→ મનુષ્યને - *કર્તાના અર્થમાં પ્રથમા વિભક્તિ.*

6. નહિ વૃક્ષ નહિ વેલ, નહિ પાને નહિ ફૂલે
→ પાને, ફૂલે - *અધિકરણના અર્થમાં સપ્તમી વિભક્તિ*

# નિપાત

## નિપાત અને તેના પ્રકારો

★ **નિપાત એટલે શું ? :** વાક્યમાં આવતા જુદા-જુદા પ્રકારના પદો જેવાકે **સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, કૃદંત, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ** સાથે આવી શકે અને **ભાર, નિશ્ચય વગેરે અર્થની વિશેષતા દર્શાવે** તે પદોને નિપાત કહેવામાં આવે છે.

- દા.ત. :
  1. નિખિલે જ આ કામ કર્યું. [સંજ્ઞા સાથે]
  2. નિખિલે કહ્યું "હું જ આ કરીશ." [સર્વનામ સાથે]
  3. નિખિલ જલદી જ ચાલે છે. [ક્રિયા વિશેષણ સાથે]
  4. નિખિલને લીલો જ રંગ ગમે છે. [વિશેષણ સાથે]
  5. નિખિલ હંમેશા હસતો હસતો જ બોલે છે. [કૃદંત સાથે]
  6. ના પાડવા છતાં નિખિલે એ કામ કર્યું જ. [ક્રિયાપદ સાથે]

### ગુજરાતી ભાષામાં આવતા નિપાતો :

| નિપાત | કયો અર્થ વ્યક્ત કરે છે ? |
|---|---|
| 1. જ | ચોક્કસપણું, નિશ્ચય |
| 2. તો | બીજું કોઈ જાય કે ન જાય, પણ હું જઈશ એવો અર્થ |
| 3. ને | આગ્રહ કે ખાતરી |
| 4. ય / યે | બીજા સાથે આનો પણ સમાવેશ |
| 5. પણ | બીજા સાથે આનો પણ સમાવેશ |
| 6. સુધ્ધાં | બીજા સાથે આનો પણ સમાવેશ |
| 7. ફક્ત, કેવળ, સુધ્ધાં, માત્ર | આ જ અને બીજું કંઈ નહિં એવો અર્થ |
| 8. જી (જોડાજોડ) | આદર, માન |
| 9. ખરું, ખરો, ખરી, ખરાં | ખાતરી કરવાનો અર્થ |

## નિપાતના પ્રકારો

### 1. ભારવાચક નિપાત

★ ભારવાહી અર્થ બનાવે તે ભારવાચક નિપાત.
**જ, તો, ય, પણ, સુધ્ધાં, સિખ્ખે** વગેરે આ પ્રકારના ભારવાચક નિપાત કહેવાય.

- દા.ત. :
  1. સુમિત્રા જ આ લખી શકશે.
  2. જકાતનાકે છકડો તો મળી જ રહે.
  3. ભક્ત થયા પણ ભેદ ન જાણ્યો કરે તરવાનો ઉપાય.
  4. સુમિત્રાય ગીત ગાશે.
  5. ભણેલા સુધ્ધાં આવી ભૂલ કરે છે.

### 2. સીમાવાચક નિપાત

★ જેમાં સીમા-મર્યાદા અંકાતી લાગે, સીમા મર્યાદાનો અર્થ અભિવ્યક્ત કરતો હોય તે સીમાવાચક નિપાત કહેવાય.
**ફક્ત, કેવળ, તદ્દન, સાવ, છેક, માત્ર** વગેરે સીમા મર્યાદાનો સંદર્ભ ધરાવે છે. તેથી તે સીમાવાચક નિપાત કહેવાય.

- દા.ત. :
  1. ફક્ત દસ મિનિટમાં આવી જાઓ.
  2. કેવળ તમારા માન ખાતર હું આવીશ.
  3. તદ્દન નજીવી બાબતમાં બંને ઝઘડી પડ્યા.
  4. તે સાવ એકલો પડી ગયો છે.
  5. છેક આવું થશે એવી મારી ધારણા નહોતી.

### 3. વિનયવાચક નિપાત

★ જેમાં **વિનય, વિવેક, માન-મોભો કે આદરનો અર્થ** દર્શાવતો હોય તેવા નિપાત તે વિનયવાચક.

- આદરભાવ કે વિનય-વિનમ્રતા માટે 'જી' લગાડાય છે તે વિનયવાચક નિપાત કહેવાય.

- દા.ત. :
  1. રૂબરૂ મળ્યાતુલ્ય માની પધારશોજી.
  2. વનમાં વ્હાલાજી કને, હુંય વસું છું નેહા.
  3. ભૂલચૂક માફ કરશોજી.
  4. ગુરુજીને પ્રણામ.

### 4. પ્રકીર્ણ - લટકણિયાં રૂપ પ્રયોજાતા નિપાત

★ 'ને', 'કે', 'તો', 'તે', 'એમ કે' વગેરે જેવા ઘટકો જે વાતચીત દરમિયાન પ્રયોજાય છે તેવા ઘટકો જ્યારે વાક્યના અંતે **વિનંતી, આગ્રહ અથવા તો અનુમતિ વગેરે જેવા અર્થમાં** અને ક્યારેક તો એમ જ **લટકણિયાં રૂપે પ્રયોજાય ત્યારે** તેમને વાક્યનાં લટકણિયાંરૂપ પ્રયોજાતા નિપાત તરીકે ઓળખાવી શકાય.

- દા.ત. :
  1. રશ્મિ તો મારી વાત માનશે ને !
  2. મને તમારી પેન આપશો કે ?
  3. મને એમનું સરનામું લખાવ તો.
  4. મને એમ કે તમે નહિ ચાલી શકો.

# કૃદંત ( વાક્યપ્રકાર )

★ **કૃદન્ત (કૃદંત) એટલે શું ?** : કૃદંત એક વ્યાકરણની ભાષાનો શબ્દ છે. કૃદંત ક્રિયાપદ સાથે જોડાયેલી બાબત છે.

★ કેટલાક પદો **ક્રિયાપદની જેમ કર્તા-કર્મ લે છે, અને સાથે સાથે સંજ્ઞા, વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે પણ આવી શકે છે.** આવા પદો કૃદંતો કહેવાય.

★ ક્રિયાપદ તરીકે વપરાય અથવા ના પણ વપરાય.

★ કૃદંતનો ઉપયોગ ક્રિયાપદ સિવાય એટલે કે વિશેષણ, ક્રિયાવિશેષણ તરીકે વાપરી શકાય.

- *દા.ત.* : વાંચતું, વાંચ્યું, વાંચેલું, વાંચનાર, વાંચવું, વાંચીને.... વગેરે જુદા-જુદા કૃદંતો છે.
- *દા.ત.* : 1. નેહા નાનપણમાં ખૂબ નાચતી. (ક્રિયાપદ)
  2. રશ્મિએ રડતા અવાજે કહ્યું. (વિશેષણ)
  3. લખવું-વાંચવું એ કંઈ કેળવણી નથી પણ તેના સાધન છે. (સંજ્ઞા)
  4. મનિષાએ હસતાં-હસતાં કહ્યું. (ક્રિયાવિશેષણ)

**યાદ રાખો :**

1. કૃદંત એ <u>ક્રિયા રૂપો</u> કે <u>ક્રિયાદર્શક પદો</u> છે, એટલે કે એ વાક્યમાં કર્તા, કર્મ, વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે આવી શકે છે.
2. કૃદંત <u>ક્રિયાપદ રૂપે</u> પણ પ્રયોજાઈ શકે.
3. કૃદંત <u>સંજ્ઞા</u>, <u>વિશેષણ</u>, <u>ક્રિયાવિશેષણ</u> તરીકે પ્રયોજાય છે.
   (કૃદન્ત જ્યારે કર્તા, કર્મ કે અન્ય વિભક્તિમાં આવે ત્યારે એ સંજ્ઞા તરીકે વપરાયેલું છે એમ કહેવાય.)
4. કૃદંત મૂળ ધાતુનું હોય કે પ્રેરક ધાતુનું હોય.
   જેમકે : <u>કરતું</u> (મૂળ સાદું રૂપ) <u>કરાવતું</u> (પ્રેરકરૂપ) છે.
5. કૃદંત <u>કર્તરિ રચનામાં</u> હોય કે <u>કર્મણિ રચનામાં</u> હોય. <u>પ્રેરક ધાતુની</u> પણ કર્મણિ કે ભાવે રચના હોય.
   જેમકે : <u>લખતું</u> (કર્તરિ), <u>લખાતું</u> (કર્મણિ), <u>લખાવતું</u> (પ્રેરક કર્તરિ) લખાવાતું (પ્રેરક કર્મણિ)

## કૃદંતના પ્રકાર

★ વાક્યરચનામાં કૃદંત જે પ્રકારની કામગીરી બજાવે છે તેને આધારે તેના પ્રકાર નીચે મુજબ પાડવામાં આવે છે.

★ સામાન્ય રીતે કૃદંતના <u>છ</u> પ્રકાર છે : 1. વર્તમાનકૃદંત 2. ભૂતકૃદંત 3. ભવિષ્યકૃદંત 4. વિધ્યર્થ કૃદંત અથવા સામાન્ય કૃદંત 5. સંબંધક ભૂતકૃદંત 6. હેત્વર્થ કૃદંત

★ **નોંધ :** ઉપરોક્ત પાંચ પ્રકારોમાં એક સંબંધક ભૂતકૃદંત સિવાયના સર્વ કૃદંતો ક્રિયાપદ તરીકે આવે છે.

### 1. વર્તમાનકૃદંત

★ <u>વર્તમાન કૃદંતનો પ્રત્યય 'ત' છે</u> અને તે લિંગચિહ્ન સાથે પ્રયોજાય છે. વર્તમાનકૃદંત સામાન્ય રીતે ક્રિયાની કોઈપણ કાળની ચાલુ અવસ્થા દર્શાવે છે.

- *દા.ત.* : વાંચતો, વાંચતી, વાંચતું, વાંચતાં

★ વર્તમાનકૃદંતનો ઉપયોગ **ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ અને ક્યારેક સંજ્ઞા** તરીકે પણ થાય છે.

- *દા.ત.* : 1. *(ક્રિયાપદ તરીકે)*
  પ્રદિપ નિયમિત કસરત **કરતો.**
  2. *(ક્રિયાપદ તરીકે)*
  તેઓ રાત્રે તો **જમતાં** નથી.
  3. *(વિશેષણ તરીકે)*
  **ગમતું** ગીત સાંભળવા હું બેસી રહ્યો.
  4. *(ક્રિયાવિશેષણ તરીકે)*
  ચિત્રા **સૂતાં સૂતાં** જ વાંચે છે.
  5. *(સંજ્ઞા તરીકે)*
  **પડતાંને** કોણ પાટું મારે ?

- **ધ્યાન રાખો :** વર્તમાનકૃદંત તરીકે વપરાયેલા પદોમાં છેલ્લોવર્ણ **'ત'** એ વર્તમાનકૃદંતનો પ્રત્યય દર્શાવે છે.

### 2. ભૂતકૃદંત

★ ક્રિયાની કોઈપણ કાળની પૂર્ણ અવસ્થા દર્શાવે તે ભૂતકૃદંત, ભૂતકૃદંતના બે પ્રકાર જોવા મળે છે.

1. **સાદું ભૂતકૃદંત :** 'ય' પ્રત્યય + લિંગચિહ્નવાળું
   (જેમ કે, વાંચ્યો, વાંચી, વાંચયું, વાંચ્યાં)
2. **પરોક્ષ ભૂતકૃદંત :** 'ય' પ્રત્યય + લિંગચિહ્નવાળું / વગરનું
   (જેમ કે, વાંચેલો, વાંચેલી, વાંચેલું, વાંચેલા, વાંચેલ)

★ સાદા ભૂતકૃદંત અને પરોક્ષ ભૂતકૃદંતનો પ્રયોગ વિશેષણ, ક્રિયાવિશેષણ, સંજ્ઞા તરીકે થાય છે.

★ **સાદા ભૂતકૃદંતના ઉદાહરણો :**

1. કોઈ કશું **બોલ્યું** નહીં. *(ક્રિયાપદ)*
2. **રાંધ્યાં** ધાન રઝળી પડ્યા. *(વિશેષણ)*
3. તે **માર્યો માર્યો** ફરે છે. *(ક્રિયાવિશેષણ)*
4. હાથના **કર્યા** હૈયે વાગ્યાં. *(સંજ્ઞા)*

★ **પરોક્ષ ભૂતકૃદંતના ઉદાહરણો :**

1. હરગોવિંદ અને હું બાળપણથી સાથે **રમેલા.** *(ક્રિયાપદ)*
2. **બોલ્યાં** વેણ તીર સમાં. *(વિશેષણ)*
3. એકાદ-બે **રડ્યાં-ખડ્યાં** રહ્યા છે. *(ક્રિયાવિશેષણ)*
4. **સૂતેલાને** જગાડવો નહીં. *(સંજ્ઞા)*

Downloaded from MARU GUJARAT.in

## 3. ભવિષ્યકૃદંત

★ ક્રિયાની અપેક્ષિત અવસ્થા (થનાર સ્થિતિ) દર્શાવનાર કૃદંત તે ભવિષ્યકૃદંત. **ભવિષ્યકૃદંતનો પ્રત્યય 'નાર' છે.**

એટલે કે 'નાર' પ્રત્યય + લિંગચિહ્નવાળું કે લિંગચિહ્ન વગરનું

જેમકે : વાંચનારો, વાંચનારી, વાંચનારું, વાંચનારા, વાંચનાર

- દા.ત. : કલિબહેન તો કાલે <u>આવનાર</u> હતા.

★ ભવિષ્યકૃદંતનો પ્રયોગ ક્રિયાપદ, સંજ્ઞા અને વિશેષણ તરીકે થાય છે.

- દા.ત. : 1. સભામાં કેટલા વકતાઓ <u>બોલનાર</u> હશે ? (ક્રિયાપદ)
  2. <u>બોલનારા</u> કોઈ છે જ નહિને ! (સંજ્ઞા)
  3. <u>રાંધનારો</u> માણસ મોડો આવ્યો. (વિશેષણ)

## 4. વિધ્યર્થ *અથવા* સામાન્યકૃદંત

★ સામાન્ય રીતે ક્રિયાની વિધિ - એટલે કે **કર્તવ્ય કે ફરજનો અર્થ બતાવે** અથવા **માત્ર ક્રિયા થવાનો અર્થ** દર્શાવતું કૃદંત તે વિધ્યર્થ અથવા સામાન્યકૃદંત તરીકે ઓળખાય છે.

★ વિધ્યર્થના બે પ્રકાર છે :

1. 'વ' પ્રત્યય + લિંગચિહ્નવાળું કૃદંત

જેમ કે, કરવો, કરવી, કરવું વગેરે

2. 'વ' + 'ન' પ્રત્યય + લિંગચિહ્નવાળું કૃદંત

જેમ કે, વાંચવાનો, વાંચવાની, વાંચવાનું, વાંચવાનાં

★ વિધ્યર્થ કૃદંત <u>ક્રિયાપદ</u>, <u>સંજ્ઞા</u> અને <u>વિશેષણ</u> તરીકે પ્રયોજાય છે.

- દા.ત. : 1. મારે તમને એક વાત **કહેવી** છે. (ક્રિયાપદ)
  2. **જમવા** માટે ઘણાં માણસો આવીને બેઠાં હતાં. (સંજ્ઞા)
  3. **ફરવાનાં** કામોની યાદી મેં કરી લીધી છે. (વિશેષણ)

★ વિધ્યર્થનો પ્રથમ પ્રકાર 'વ' પ્રત્યય + લિંગચિહ્નવાળું કૃદંત જેમાં કર્તવ્યનો ભાવ અભિવ્યક્ત થાય છે. જેમકે,

- દા.ત. : 1. શિક્ષકે કહ્યું છે કે તારે નિયમિત વાંચવું.
  2. શાકુન્તલને હું કંઈ કહેવાનો નથી.

★ વિધ્યર્થનો દ્વિતીય પ્રકાર 'વ' + 'ન' પ્રત્યય + લિંગચિહ્નવાળું કૃદંત વિધિ કે ફરજનો અર્થ દર્શાવે છે. જેમકે,

- દા.ત. : તમારે વખતસર દવા <u>પીવાની</u> છે.

● 'ન' અનુગવાળું વિધ્યર્થ જ્યારે કર્મને અનુસરતું હોય ત્યારે ફરજનો અર્થ બતાવે, જ્યારે એ કર્તાને અનુસરતું હોય ત્યારે ઇચ્છા કે ઇરાદાનો અર્થ દર્શાવે છે.

## 5. સંબંધક ભૂતકૃદંત

★ સંબંધ ધરાવતી આગળની ક્રિયા દર્શાવે છે. સંબંધક ભૂતકૃદંતનો પ્રત્યય **'ઈ'** કે **'ઈને'** છે. એ ક્રિયાવિશેષણ તરીકે કામગીરી કરે છે.

- દા.ત. : 1. રશ્મિ **જમીને** સૂઈ ગઈ છે.
  2. મિત્રા સ્કૂલમાં **ચાલીને** ગઈ.
  3. તેણે **જાણી-જોઈને** મને ખાડામાં નાખ્યો.
  4. તે એમની નજીક **આવીને** ઊભો રહ્યો.

★ ઉપરોક્ત ઉદાહરણોમાં **જમીને, ચાલીને, જાણી જોઈને, આવીને** વગેરે ક્રિયાઓ પહેલાં થયેલી છે આ અર્થમાં કૃદંત ક્રિયાવિશેષણ તરીકે વપરાયું છે.

★ **યાદ રાખો :** સંબંધક ભૂતકૃદંત ક્રિયાપદ તરીકે આવતું નથી. **<u>એ માત્ર ક્રિયાવિશેષણ રૂપે જ આવે છે</u>.**

## 6. હેત્વર્થ કૃદંત

★ આ કૃદંત ક્રિયાનો ઉદ્દેશ કે હેતુ દર્શાવે છે ને ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે. આ કૃદંતરૂપ ક્રિયાપદ તરીકે વપરાતું નથી. **આ કૃદંતનો પ્રત્યય <u>'વા'</u> કે <u>વાને</u> છે.**

- દા.ત. : વિદ્યાર્થીઓ રમતો <u>રમવા</u> મેદાનમાં જાય છે.

*(શા હેતુથી જાય છે ? રમવાના હેતુથી)*

## પાઠ્યપુસ્તક આધારિત કૃદંતના ઉદા.

★ રેખાંકિત કૃદંતનો પ્રકાર લખો :

1. **<u>લઈ જઈને</u> પ્રિય વક્ષની સમી.**
   → લઈ જઈને - *સંબંધક ભૂતકૃદંત*
2. **<u>વિચારતાં</u> નેત્ર જલે ભરાય છે.**
   → વિચારતાં - *વર્તમાન કૃદંત*
3. **જાણે બધું, તથાપિ કૈં <u>કહેવાની</u> રજા નહિ.**
   → કહેવાની - *સામાન્ય કૃદંત / વિધ્યર્થ કૃદંત*
4. **નજીક આંખે નીરખે <u>થનારને.</u>**
   → થનારને - *ભવિષ્યકૃદંત*
5. **પૂરીઓ <u>વણતાં વણતાં</u> મેં કહ્યું.**
   → વણતાં વણતાં - *વર્તમાન કૃદંત*
6. **હું જક્ષણી માતાના દર્શન <u>કરવા</u> આવું.**
   → કરવા - *હેત્વર્થ કૃદંત*
7. **કીકો ઊભો થયો ને <u>રડવા</u> લાગ્યો.**
   → રડવા - *હેત્વર્થ કૃદંત*
8. **મેં બધું <u>વાળીને</u> સાફ કર્યું.**
   → વાળીને - *સંબંધક ભૂતકૃદંત*
9. **વળી તું <u>ખાવાનું</u> <u>મોકલનાર</u> કોણ ?**
   → ખાવાનું - *વિધ્યર્થ કૃદંત* / મોકલનાર - *ભવિષ્ય કૃદંત*
10. **એમની અધૂરી લખેલી વારતા પર <u>દબાવીને</u> મૂકી હતી.**
    → દબાવીને - *સંબંધક ભૂતકૃદંત*
11. **માતાજી આજ દિવસ સુધી તમને <u>ખાવાનું</u> મોકલ્યું.**
    → ખાવાનું - *વિધ્યર્થ કૃદંત*
12. **આપણે મર્દોએ તો અહીં <u>રહેવું</u> પડશે.**
    → રહેવું - *વિધ્યર્થ કૃદંત*
13. **કાકા, ગાય માતાને <u>ખવડાવી</u> શકતા નથી.**
    → ખવડાવી - *સંબંધક ભૂતકૃદંત*
14. **બહાર મેળો <u>લાગેલો</u> હતો.**
    → લાગેલો - *ભૂતકૃદંત*
15. **ચોકઠાં પણ હવે બહુ કામ <u>આપતાં</u> ન હતા.**
    → આપતાં - *વર્તમાન કૃદંત*
16. **દાદાની વાતો <u>સાંભળવાની</u> બહુ મજા આવતી.**
    → સાંભળવાની - *વિધ્યર્થ કૃદંત*
17. **મોટી રિસેસ પૂરી <u>થવાનો</u> બેલ વાગતો.**
    → થવાનો - *વિધ્યર્થ કૃદંત*
18. **માણસ જૂનો <u>થતો</u> જાય છે, દુનિયા નવી <u>થતી</u> જાય છે ?**
    → થતો, થતી - *વર્તમાન કૃદંત*

Downloaded from MARU GUJARAT.in

# કર્તરિ / કર્મણિ વાક્ય

## કર્તરિ વાક્યરચના

★ ક્રિયાપદનો ઉપયોગ **કર્તાને અનુલક્ષીને કરવામાં આવે ત્યારે** કર્તરિ વાક્યરચના કહેવાય. **કર્તાના પુરુષ, લિંગ અને વચનમાં જેમજેમ ફેરફાર થાય તેમ તેમ ક્રિયાપદના રૂપમાં પણ ફેરફાર થાય છે.** અહીં કર્તા નામાર્થે પહેલી વિભક્તિમાં હોય છે.

- **દા.ત. :** હું ભણું છું. તે ભણે છે. *(કર્તાના પુરુષ પ્રમાણે ફેરફાર)*
  તે જમતો હતો. મીનું જમતી હતી. *(કર્તાના લિંગ પ્રમાણે ફેરફાર)*
  પ્રિયંક અને મયંક અમેરિકા જવાના છે. *(કર્તાના વચન પ્રમાણે ફેરફાર)*

**યાદ રાખો :**

1. કર્તા સાથે જોડાયેલા **'થી', 'વડે', 'દ્વારા', 'તરફથી'** જેવા પ્રત્યય કે નામયોગી કાઢી નાખવાથી કર્તરિ વાક્યરચના બને છે.

   **કર્મણિ વાક્ય :** 1. દાદાથી ઊઠાતું નથી.
   2. મેનેજર તરફથી વિદ્યાર્થીઓને ઈનામ અપાયા.

   **કર્તરિ વાક્ય :** 1. દાદા ઊઠતા નથી.
   2. મેનેજરે વિદ્યાર્થીઓને ઈનામ આપ્યા.

2. મને, મારાથી, ને જગ્યાએ **હું, મેં,**
   તારાથી ને બદલે **'તું'**
   અમારાથી ને સ્થાને **અમે**
   તમારાથી ને સ્થાને **'તમે'** મૂકવાથી કર્તરિવાક્ય બનશે.

   **કર્મણિ વાક્ય :** 1. મારાથી પરીક્ષા અપાઈ નહિ.
   2. તારાથી આ કામ કરાશે નહિ.
   3. અમારાથી રડી પડાયું.
   4. તમારાથી ચોરી ન કરાય.

   **કર્તરિ વાક્ય :** 1. મેં પરીક્ષા આપી નહિ. | 3. અમે રડી પડ્યા.
   2. તું આ કામ કરીશ નહિ. | 4. તમે ચોરી ન કરો.

### પાઠ્યપુસ્તક આધારિત કર્તરિ વાક્યરચનાના ઉદાહરણો

1. **આપણાથી ન ચલાય તો લોકો હસે છે.**
   → (કર્તરિ) આપણે ન ચાલીએ તો લોકો હસે છે.
2. **1888માં વિક્ટોરિયા ટર્મિનસનું પાકું સ્ટેશન બંધાવાયું હતું.**
   → (કર્તરિ) 1888માં વિક્ટોરિયા ટર્મિનસનું પાકું સ્ટેશન બાંધ્યું હતું.
3. **મુંબઈથી લખેલું પોસ્ટકાર્ડ એમના પિતાથી વંચાયું હતું.**
   → (કર્તરિ) મુંબઈથી લખેલું પોસ્ટકાર્ડ એમના પિતાએ વાંચ્યું હતું.
4. **મદારીથી બીન વગાડાય.** → (કર્તરિ) મદારી બીન વગાડે.
5. **એમનાથી પ્રવૃત્ત જીવન સંકેલી લેવાયું.**
   → (કર્તરિ) એમણે પ્રવૃત્ત જીવન સંકેલી લીધું.
6. **ઈશ્વરથી પાપની સજા કરાતી હતી.** → (કર્તરિ) ઈશ્વર પાપની સજા કરતો હતો.
7. **ગિલાથી હડફ બેઠા થઈ જવાયું.** → (કર્તરિ) ગિલો હડફ બેઠો થયો.
8. **મારાથી ટાઈમટેબલ બનાવાયું.** → (કર્તરિ) મેં ટાઈમટેબલ બનાવ્યું.
9. **મણિબાથી વચ્ચે આવી જવાયું.** → (કર્તરિ) મણિબા વચ્ચે આવી ગયાં.
10. **મારાથી વિશાળ યાત્રાળુઓના સમૂહને જોવાતો.**
    → (કર્તરિ) હું વિશાળ યાત્રાળુઓના સમૂહને જોતો
11. **મારાથી અંદર જવાયું.** → (કર્તરિ) હું અંદર ગયો.
12. **મારાથી આમ નહિ જીવાય.** → (કર્તરિ) હું આમ નહિ જીવી શકું.
13. **મારાથી રહેવાયું નહિ.** → (કર્તરિ) હું રહી શકી નહિ.
14. **મુંજ વડે એક સર્વગ્રાહી નજર વિલાસ પર નંખાઈ.**
    → (કર્તરિ) મુંજે એક સર્વગ્રાહી નજર વિલાસ પર નાખી.

## કર્મણિ વાક્યરચના

★ ક્રિયાપદનો ઉપયોગ **કર્મને અનુલક્ષીને કરવામાં આવે ત્યારે** કર્મણિ વાક્યરચના બને છે. **કર્મના લિંગ અને વચન પ્રમાણે ક્રિયાપદમાં ફેરફાર થાય છે.** આ પ્રયોગમાં કર્તા ત્રીજી, ચોથી કે પાંચમી વિભક્તિમાં હોય છે.

- **દા.ત. :** 1. મારાથી પુસ્તક વંચાય છે. *(કર્તા પાંચમી વિભક્તિમાં છે.)*
  2. રાધા વડે પુસ્તક અપાયું નહિ. *(કર્તા ત્રીજી વિભક્તિમાં છે.)*
  3. ઈલાથી કાવ્યો વંચાયાં. *(કર્તા પાંચમી વિભક્તિમાં છે.)*

**ધ્યાન રાખો :**

1. કર્તા ગૌણ હોય છે ને વાક્યમાં કર્મની જ પ્રધાનતા હોય છે. સકર્મક ક્રિયાપદવાળી (એમાં કર્મ હોય જ) રચના હોય.
   - **દા.ત. :** પિનલથી પાંચ રૂપિયામાં પેન ખરીદાઈ.
2. કર્તા સાથે **થી, વડે, દ્વારા, તરફથી** જેવા પ્રત્યયો કે નામયોગી આવતાં કર્મણિ વાક્યરચના બને.
   - **દા.ત. :**

   **કર્તરિ વાક્ય :** 1. વિપુલે બધા પ્રયત્નો કર્યા.
   2. મોહને ચોરી કરી.

   **કર્મણિ વાક્ય :** 1. વિપુલથી બધા પ્રયત્નો કરાયા.
   2. મોહન વડે ચોરી કરાઈ.

### પાઠ્યપુસ્તક આધારિત કર્મણિ વાક્યરચનાના ઉદાહરણો

1. **મહારાજ ખુશ થઈ ગયા.** → (કર્મણિ) મહારાજથી ખુશ થઈ જવાયું.
2. **હું એકવાર સાંભળું તો ભૂલું નહિ.**
   → (કર્મણિ) મારાથી એકવાર સંભળાય તો ભૂલાય નહિ.
3. **હું કૉલેજમાં ક્યારે જઈશ ?** → (કર્મણિ) મારાથી કૉલેજમાં ક્યારે જવાશે ?
4. **ડોસા ટી.વી.ને ટીકીટીકીને જોઈ રહ્યા.**
   → (કર્મણિ) ડોસાથી ટી.વી.ને ટીકીટીકીને જોઈ રહેવાયું.
5. **મુંજ ધીમે ધીમે મહેલના નીચલા ચોગાન પર આવ્યો.**
   → (કર્મણિ) મુંજથી ધીમે ધીમે મહેલના નીચલા ચોગાન પર અવાયું.
6. **મુંજે એક સર્વગ્રાહી નજર વિલાસ પર નાંખી.**
   → (કર્મણિ) મુંજથી એક સર્વગ્રાહી નજર વિલાસ પર નંખાઈ.
7. **મુંજે ઊંચું જોયું.** → (કર્મણિ) મુંજથી ઊંચું જોવાયું.
8. **મેં મારી નોટબુકમાં લખ્યું.** → (કર્મણિ) મારાથી મારી નોટબુકમાં લખાયું.
9. **હું શૈશવની સ્મૃતિમાં ખોવાઈ ગયો.**
   → (કર્મણિ) મારાથી શૈશવની સ્મૃતિમાં ખોવાઈ જવાયું.

# ભાષા શુદ્ધિ : જોડણી

જોડણી એ ભાષાશુદ્ધિનું અતિ મહત્ત્વનું અંગ છે. જોડણી એટલે લેખનપદ્ધતિ, શબ્દોમાં ક્યા અક્ષરો લખવા - જોડવા તેની રીત. જોડણીના નિયમો એટલે શબ્દો કેમ લખવા એ અંગેના નિયમો, (એટલે કે શબ્દની અંદર જે અક્ષર જેમ બોલાતા હોય તેમ લખાય) જોડણીના કેટલાક નિયમો ધ્યાનમાં રાખવાથી જોડણીની સામાન્ય ભૂલો નિવારી શકાય છે.

કોઈને પ્રશ્ન થાય કે શબ્દો જેમ બોલાતા હોય એમ લખાય. એટલે કે શબ્દની અંદર જે અક્ષર જેમ બોલાતા હોય તેમ લખાય. એમાં વળી નિયમોની શી જરૂર ? પણ એમ નથી. ભાષા બોલાય છે એમ હંમેશાં લખાતી નથી. લખી શકાતી પણ નથી. કોઈ પણ પ્રજામાં બોલચાલના ઘણા તફાવત હોય છે બોલાતું હોય એમ લખાય તો એકનું લખેલું બીજો સમજી ન શકે એવું પણ બને. **તેથી શિષ્ટ વ્યવહાર માટે એક ચોક્કસ લેખનપદ્ધતિ નિપજાવવી પડે છે** અને જોડણીના નિયમો પણ ઘડવા-રચવા પડે છે.

## જોડણીના નિયમો

✳ યાદ રાખો ✳

| હ્રસ્વ | દીર્ઘ |
|---|---|
| િ ુ | ી ૂ |

**1** અર્થા**ત્**, ક્વચિ**ત્**, કદાચિ**ત્**, કિંચિ**ત્**, સાક્ષા**ત્**, અકસ્મા**ત્** (એકાએકના અર્થમાં) માં છેલ્લો **અક્ષર વ્યંજનાત** (ખોડો) છે.

**2** નીચેના પૂર્વગો હ્રસ્વ હોવાથી તે પરથી બનતા શબ્દોમાં હ્રસ્વ **'ઇ'** આવે છે.

★ **પૂર્વગો :** અતિ, અધિ, અભિ, પરિ, પ્રતિ, નિ, નિઃ, અનુ, વિ, ઉપ, સુ, કુ, પુનઃ બહિઃ પુર

• *દા.ત.* : **અતિ** : અતિશય, અતિજ્ઞાન

**અધિ** : અધિકારી, **અભિ** : અભિમાન, **નિ** : નિયમ

**નિ** : નિરંકુશ, નિર્જન, **પરિ** : પરિચિત, **પ્રતિ** : પ્રતિનિધિ

**વિ** : વિજ્ઞાન, **અનુ** : અનુકરણ, **ઉપ** : ઉપવાસ

**સુ** : સુવિચાર, **કુ** : કુપુત્ર, **પુન** : પુર્નલગ્ન

**બહિ** : બહિર્ગોળ, **પુર** : પુરજોશ

**3** શબ્દના છેડે આવતા ઈય, ઈનમાં દીર્ઘ **'ઈ'** આવે છે.

• *દા.ત.* : આત્**મીય**, ભારત**ીય**, માનવ**ીય**, રાજક**ીય**

**4** શબ્દના છેડે ભૂતકૃદન્ત તરીકે આવતા **'ઇત'**માં હ્રસ્વ **'ઇ'** આવે છે.

• *દા.ત.* : અંક**િત**, લિખ**િત**, પત**િત**

**5** શબ્દમાં આવતા **'ઈક્ષ'** માં દીર્ઘ **'ઇ'** છે.

• *દા.ત.* : નિર**ીક્ષક**, પર**ીક્ષક**, અધ**ીક્ષક**

**6** નામ પરથી <u>વિશેષણ</u> થતાં હોય ત્યાં **'ઇક'** પ્રત્યયમાં હ્રસ્વ **'ઇ'** આવે છે.

• *દા.ત.* : માન**સિક**, વાર્**ષિક**, પ્રાથ**મિક**

**7** 'ઈકા' પ્રત્યયમાં હ્રસ્વ **'ઇ'** આવે છે.

• *દા.ત.* : આજી**વિકા**, લે**ખિકા**

**8** શબ્દમાં આવતા (રેફ) પૂર્વે **'ઈ-ઊ'** દીર્ઘ આવે છે.

• *દા.ત.* : તીર્થ, મૂર્તિ, સ્ફૂર્તિ, પૂર્ણ

**9** **'ય'** પહેલાં આવતો **'ઇ'** હ્રસ્વ હોય છે.

• *દા.ત.* : **પ્રિ**ય, ક્ષ**ત્રિ**ય, હો**શિ**યાર, ખા**સિ**યત, **ફેરિ**યો

**10** શબ્દના છેડે આવતા **'ઈશ'**, **'ઇન્દ્ર'** માં દીર્ઘ **'ઇ'** આવે છે.

• *દા.ત.* : જગ**દીશ**, ગિર**ીશ**, રજ**નીશ**, યોગ**ીન્દ્ર**, રવ**ીન્દ્ર**, હર**ીન્દ્ર**

**11** **'વતી'** અને **'મતી'** - વાળીના અર્થમાં હોય ત્યાં દીર્ઘ **'ઈ'** આવે છે.

• *દા.ત.* : કલા**વતી**, ભગ**વતી**, ચારુ**મતી**, ઈન્દુ**મતી**, શ્રી**મતી**

**12** શબ્દના છેડે આવતાં **'ણૂક'** અને **'ગીરી'** માં દીર્ઘ **'ઊ'** અને **'ઈ'** આવે છે.

• *દા.ત.* : નિમ**ણૂક**, વર્ત**ણૂક**, કામ**ગીરી**, યાદ**ગીરી**

**13** શબ્દમાં જોડાક્ષર પહેલાંના **'ઈ'**, **'ઉ'** હ્રસ્વ હોય છે.

• *દા.ત.* : **શિષ્ય**, **મુક્કો**, **લુચ્ચો**, **સિક્કો**, **પુષ્કળ**, **મનુષ્ય**, **હુલ્લડ**

**14** એકાક્ષરી શબ્દોમાં દીર્ઘ **'ઈ'**, **'ઊ'** આવે છે.

• *દા.ત.* : **શ્રી**, **સ્ત્રી**, **ફી**, **જી**, **પી**, **લૂ**

**15** અનુસ્વાર સાથેના એકાક્ષરમાં હ્રસ્વ **'ઉ'** આવે છે.

• *દા.ત.* : હું, શું, તું

**16** બે અક્ષરવાળા શબ્દમાં પહેલા અક્ષરમાં **'ઈ'** કે **'ઊ'** દીર્ઘ આવે.

• *દા.ત.* : **બી**ક, **ભી**લ, **ઢી**લ, **ભી**ખ, **ભૂ**ત, **ફૂ**લ, **કૂ**ખ, **દૂ**ધ

**17** ત્રણ અક્ષરના શબ્દોમાં ગુરુ અક્ષર પહેલાં હ્રસ્વ **'ઇ'**, **'ઉ'** હોય. જ્યારે લઘુ અક્ષર પહેલાંના **'ઈ'**, **'ઊ'** દીર્ઘ હોય છે.

[ગુરુ અક્ષર એટલે - દીર્ઘ અક્ષરો] [લઘુ અક્ષર - હ્રસ્વ અક્ષરો]

• *દા.ત.* : **કિ**નારો, **સુ**થાર, ખે**ડૂ**ત, મ**જૂ**ર, **બિ**લાડી

**18** ચાર કે વધુ અક્ષરવાળા શબ્દમાં પ્રથમ **'ઇ'**, **'ઉ'** હ્રસ્વ હોય છે.

• *દા.ત.* : **હિ**લચાલ, **ખિ**સકોલી, **વિ**લાયત, **કિ**લકિલાટ, **ઉ**હાપોહ, **ઉ**પયોગ

**19** **'ઇ'** કે **'ઉ'** પછી જોડાક્ષર આવ્યો હોય તો **'ઇ'** કે **'ઉ'** હ્રસ્વ કરવાં.

• *દા.ત.* : **ઇ**સ્ત્રી, **ઇ**સ્પિતાલ, **કિ**લ્લો, **ચિ**ઠ્ઠી, **જિ**લ્લો, **શિ**સ્ત

**20** કેટલાક શબ્દો બોલતાં ભાર આવે ત્યાં દીર્ઘ **'ઈ'**, **'ઊ'** આવે.

• *દા.ત.* : દા**ગી**નો, ઝે**રી**લો, ન**તી**જો, ન**મૂ**નો

**21** શ્રેષ્ઠતાદર્શક પ્રત્યયમાં **'ઇષ્ટ'** નહીં પરંતુ **'ઇષ્ઠ'** છે.

• *દા.ત.* : કનિ**ષ્ઠ**, વ**રિષ્ઠ**, વ**સિષ્ઠ**, ધ**ર્મિષ્ઠ**

**22** અંતમાં **'ઈ'** આવતો હોય તો **'ન્'** ની પહેલાં **'ઈ'** હ્રસ્વ આવે.

• *દા.ત.* : ભ**ગિ**ની, ન**લિ**ની, રા**ગિ**ણી, મૃણા**લિ**ની.

**23** માનાર્થ નારી જાતિમાં બહુવચન વપરાય છે. ત્યારે અનુસ્વાર આવે છે.

• *દા.ત.* : મોટાં બા, સાસુ ગયાં.

**24** ગુજરાતી ભાષામાં સાતમી વિભક્તિનો પ્રત્યય **'માં'** છે. તેમાં અનુસ્વાર લખવો જ જોઈએ.

• *દા.ત.* : ઘર**માં**, દુકાન**માં**, ખેતર**માં**

GUJARAT.in Downloaded from MARU

# સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરો
# સંધિ છોડો / સંધિ જોડો

★ બે શબ્દ જોડાય ત્યારે એમના સ્વર-વ્યંજનમાં જે પરિવર્તન આવે તેને **'સંધિ'** કહે છે. **OR**

★ બે સ્વરો, બે વ્યંજનો, સ્વર અને વ્યંજન, વિસર્ગ અને સ્વર, વિસર્ગ અને વ્યંજનના અમુક નિયમો પ્રમાણેના **અરસપરસ જોડાણ**ને **સંધિ** કહેવામાં આવે છે.

★ **સંધિના પ્રકાર :** સંધિના ત્રણ પ્રકાર છે. • **સ્વરસંધિ** • **વ્યંજનસંધિ** • **વિસર્ગસંધિ**

**(૧) સ્વરસંધિ :** જ્યારે એક શબ્દને છેડે સ્વર હોય અને તે પછીના બીજા શબ્દની શરૂઆતમાં પણ સ્વર હોય તો તે બંને સ્વરો મળી જઈ નવો જ સ્વર ઉત્પન્ન થાય છે. આ રીતે થતા **સ્વરોના જોડાણને સ્વરસંધિ** કહે છે.

| નિયમ | ઉદાહરણ | સમજૂતી |
|---|---|---|
| (૧) અ + અ = આ | (૧) સૂર્ય + અસ્ત = **સૂર્યાસ્ત**<br>(૨) સ્વ + અધીન = **સ્વાધીન** | • આ રીતે અ + અ સ્વર મળવાથી તેમની સંધિ 'આ' થાય છે. |
| (૨) અ + આ = આ | (૧) વાત + આવરણ = **વાતાવરણ**<br>(૨) સિંહ + આસન = **સિંહાસન** | • આ રીતે અ + આ સ્વર મળવાથી તેમની સંધિ 'આ' થાય છે. |
| (૩) આ + આ = આ | (૧) મહા + આશય = **મહાશય**<br>(૨) વિદ્યા + આલય = **વિદ્યાલય** | • આ રીતે આ + આ નો 'આ' થાય છે. |
| (૪) આ + અ = આ | (૧) વિદ્યા + અર્થી = **વિદ્યાર્થી**<br>(૨) ભાષા + અન્તર = **ભાષાન્તર** | • આ રીતે આ + અ સ્વર મળવાથી સંધિ 'આ' થાય છે. |
| (૫) ઈ + ઈ = ઈ<br>ઇ + ઈ = ઈ<br>ઈ + ઇ = ઈ<br>ઈ + ઈ = ઈ | (૧) હરિ + ઈચ્છા = **હરીચ્છા**<br>(૨) પરિ + ઈક્ષા = **પરીક્ષા**<br>(૩) દેવી + ઈચ્છા = **દેવીચ્છા**<br>(૪) યોગી + ઈશ્વર = **યોગીશ્વર** | • આ પ્રમાણે ઇ કે ઈ પછી ઇ + ઈ આવે તો 'ઈ' થાય છે. |
| (૬) ઉ + ઉ = ઊ<br>ઉ + ઊ = ઊ<br>ઊ + ઉ = ઊ<br>ઊ + ઊ = ઊ | (૧) ભાનુ + ઉદય = **ભાનૂદય**<br>(૨) સિંધુ + ઊર્મિ = **સિંધૂર્મિ**<br>(૩) વધૂ + ઉલ્લાસ = **વધૂલ્લાસ**<br>(૪) વધૂ + ઊર્મિ = **વધૂર્મિ** | • આ પ્રમાણે ઉ + ઊ પછી ઊ કે ઉ આવે, તો 'ઊ' થાય છે. |
| (૭) અ + ઇ = એ<br>અ + ઈ = એ<br>આ + ઇ = એ<br>આ + ઈ = એ | (૧) ઈશ્વર + ઇચ્છા = **ઈશ્વરેચ્છા**<br>(૨) રામ + ઈશ્વર = **રામેશ્વર**<br>(૩) મહા + ઈશ = **મહેશ**<br>(૪) મહા + ઇન્દ્ર = **મહેન્દ્ર** | • આ પ્રમાણે અ + આ પછી ઇ કે ઈ આવે તો 'એ' થાય છે. |
| (૮) અ + ઉ = ઓ<br>આ + ઉ = ઓ<br>અ + ઊ = ઓ<br>આ + ઊ = ઓ | (૧) સૂર્ય + ઉદય = **સૂર્યોદય**<br>(૨) ગંગા + ઉદય = **ગંગોદય**<br>(૩) નવ + ઊઢા = **નવોઢા**<br>(૪) ગંગા + ઊર્મિ = **ગંગોર્મિ** | • આ રીતે અ કે આ પછી ઉ કે ઊ આવે તો 'ઓ' થાય છે. |
| (૯) અ + ઋ = અર્<br>આ + ઋ = અર્ | (૧) દેવ + ઋષિ = **દેવર્ષિ**<br>(૨) મહા + ઋષિ = **મહર્ષિ** | • આ રીતે અ કે આ પછી ઋ આવે તો ઋ નો "અર્" થાય છે અને તેની પહેલાંનો સ્વર ઉડી જાય છે. |
| (૧૦) અ + એ = ઐ<br>અ + ઐ = ઐ<br>આ + એ = ઐ<br>આ + ઐ = ઐ | (૧) એક + એક = **એકૈક**<br>(૨) પરમ + ઐશ્વર્ય = **પરમૈશ્વર્ય**<br>(૩) ગંગા + એકતા = **ગંગૈકતા**<br>(૪) મહા + ઐશ્વર્ય = **મહૈશ્વર્ય** | • આ રીતે અ કે આ પછી એ કે ઐ આવે તો તેનો 'ઐ' થાય છે. |
| (૧૧) અ + ઓ = ઔ<br>આ + ઓ = ઔ<br>અ + ઔ = ઔ<br>આ + ઔ = ઔ | (૧) પરમ + ઓઘ = **પરમૌઘ**<br>(૨) ગંગા + ઓઘ = **ગંગૌઘ**<br>(૩) ઉત્તમ + ઔષધિ = **ઉત્તમૌષધિ**<br>(૪) મહા + ઔષધિ = **મહૌષધિ** | • અ કે આ પછી ઓ કે ઔ આવે તો 'ઔ' થાય છે. |

Downloaded from MARU GUJARAT.in

## (૨) વ્યંજન સંધિ

**અર્થ :** સંધિ વખતે વ્યંજન સાથે સ્વર જોડાય કે વ્યંજન સાથે વ્યંજન જોડાય તો વ્યંજન સંધિ.

| સંધિ નિયમ | સંધિ કરતાં પહેલાં | સંધિ કર્યા પછી |
|---|---|---|
| 1. સ્ + ચ = શ્ + ચ | દુસ્ + ચક | દુશ્ચક |
| 2. સ્ + ટ = ષ્ + ટ | ધનુસ્ + ટંકાર | ધનુષ્ટંકાર |
| 3. સ્ + શ = વિસર્ગ + શ | નિસ્ + શબ્દ | નિઃશબ્દ |
| 4. ર્ + ચ = શ્ + ચ | પુનર્ + ચ | પુનશ્ચ |
| 5. ર્ + ત્ = સ્ + ત્ | અંતર્ + તત્ત્વ | અંતસ્તત્ત્વ |
| 6. ર્ + શ્ = વિસર્ગ + શ્ | અંતર્ + શોક | અંતઃશોક |
| 7. દ્ + પ = ત્ + પ | સુહૃદ્ + પ્રેમ | સુહૃત્પ્રેમ |
| 8. ત્ + મ = ન્ + મ | સત્ + મતિ | સન્મતિ |
| 9. ત્ + લ = લ્ + લ | તત + લીન | તલ્લીન |
| 10. પદને અંતે 'ચ્', 'જ્' કે 'શ્' આવે તો તેનો ક્ થાય ક્ નો ગ્ થાય | દિશ્ + અંબર | દિગંબર |
| 11. 'ર્' ની પૂર્વે 'ઉ' + 'પ્' = 'ર્' નો 'ષ્' | ચતુર્ + પાદ | ચતુષ્પાદ |
| 12. 'ત્' + 'શ' = 'ચ્' + 'છ' | સત્ + શાસ્ત્ર | સચ્છાસ્ત્ર |

## (૩) વિસર્ગ સંધિ

**અર્થ :** વિસર્ગ કે સ્ સાથે સ્વર કે વ્યંજન જોડાય છે. વિસર્ગ એટલે અઘોષ 'હ્' અને એની સંધિ કેટલેક ઠેકાણે 'સ્' ની સંધિ જેવી છે, એટલે વિસર્ગસંધિનો સમાવેશ વ્યંજનસંધિમાં જ કરી શકાય.

| સંધિ નિયમ | સંધિ કરતાં પહેલાં | સંધિ કર્યા પછી |
|---|---|---|
| 1. વિસર્ગની પહેલા અ હોય અને વિસર્ગની પછી અ કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ઓ થાય છે. | શિરઃ + મણિ | શિરોમણિ |
| | અધઃ + ગતિ | અધોગતિ |
| | સરઃ + જ | સરોજ |
| 2. વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ર્ થાય છે. | નિઃ + આકાર | નિરાકાર |
| | દુઃ + ગંધ | દુર્ગંધ |
| | ધનુઃ + વિદ્યા | ધનુર્વિદ્યા |
| 3. વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગ ની પછી ર્ આવે તો વિસર્ગનો લોપ થઈ તેની પહેલાંનો સ્વર દીર્ઘ બને છે. | નિઃ + રવ | નીરવ |
| | નિઃ + રોગી | નીરોગી |
| 4. વિસર્ગની પહેલાં ઇ કે ઉ હોય અને વિસર્ગ પછી ક્, ખ્, પ્ આવે તો વિસર્ગનો ષ્ થાય | નિઃ + કપટ | નિષ્કપટ |
| | દુઃ + કાળ | દુષ્કાળ |
| | દુઃ + પ્રયત્ન | દુષ્પ્રયત્ન |
| 5. વિસર્ગની પહેલાં અ હોય અને વિસર્ગ પછી ક્, ખ્, પ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. | અંતઃ + કરણ | અંતઃકરણ |
| | અંતઃ + પુર | અંતઃપુર |
| 6. વિસર્ગ પછી ચ્ કે છ્ આવે તો વિસર્ગનો શ્ થાય છે | નિઃ + છલ | નિશ્છલ |
| - વિસર્ગની પછી ટ્ કે ઠ્ આવે તો ષ્ થાય અને | દુઃ + ટ | દુષ્ટ |
| - વિસર્ગની પછી ત્ કે થ્ આવે તો વિસર્ગનો સ્ થાય છે. | નિઃ + તેજ | નિસ્તેજ |
| 7. વિસર્ગ પછી શ્, ષ્ કે સ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. | નિઃ + શ્વાસ | નિઃશ્વાસ |
| | દુઃ + શાસન | દુઃશાસન |

## સંધિ છોડો

મહોત્સવ = મહા + ઉત્સવ
વૃદ્ધાવસ્થા = વૃદ્ધ + અવસ્થા
મનોયત્ન = મનસ્ + યત્ન
વાતાવરણ = વાત + આવરણ
ન્યૂન = નિ + ઊન
સન્માર્ગ = સત્ + માર્ગ
રવીન્દ્રનાથ = રવિ + ઈન્દ્ર + નાથ
સંસ્કૃતિ = સમસ્ + કૃતિ
ઉદ્ધાર = ઉદ્ + ધાર
અધોરેખા = અધસ્ + રેખા
સૃષ્ટિ = સૃજ + તિ

સદ્ભાગ્ય = સત્ + ભાગ્ય
અધઃપતન = અધસ્ + પતન
સ્વેચ્છાચાર = સ્વ + ઈચ્છા + આચાર
જઠરાગ્નિ = જઠર + અગ્નિ
દુશ્ચક = દુસ્ + ચક્
તપોધન = તપસ્ + ધન
ચતુર્ભુજ = ચતુર + ભુજ
અન્તઃપ્રવેશ = અંતઃ + પ્રવેશ
ઉચ્ચાર = ઉદ્ + ચાર
દિગંબર = દિસ + અંબર
ચરાચર = ચર + અચર

યશોજ્જવલ = યશ + ઉદ્ + જ્વલ
ઉપનિષદ્ = ઉપ + નિસદ્
મનોરંજન = મનઃ + રંજન
પુનરવલોકન = પુનર્ + અવલોકન
ઉજ્જ્વલ = ઉદ્ + જ્વલ
સજ્જન = સત્ + જન
સંગીત = સમ્ + ગીત
વ્યવહાર = વિ + અવહાર
પુનર્જીવન = પુનર્ + જીવન
સદૈવ = સદા + એવ
પુસ્તકાલય = પુસ્તક + આલય

Downloaded from GUJARAT.in MARU™